**આજનો સુવિચાર**

જીવન માં સાચી દિશા અને સાચા સમય નું જ્ઞાન ન હોય તો આપણને ઉગતો સુરજ પણ આથમતો દેખાય છે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૧૪૭ જૂનાગઢ તા.૮-૬-૨૦૨૩ ગુરૂવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 147, Junagadh : Date : 8 Jun, 2023, Thursday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, GUJARAT, India. • Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor Abhijeet K. Upadhyay

રીઝર્વ બેંકની ત્રિમાસીક નાણાંકીય નીતિ જાહેર

# તમામ વ્યાજદર યથાવત : લોન વધુ મોંઘી નહી થાય

## રેપોરેટ ૬.૫ ટકા યથાવત : વિકાસ દર પણ ૬.૫ ટકા રહેશે : ફુગાવાનો દર ૪ ટકા રાખવાનો લક્ષ્યાંક

મુંબઈ તા. ૮

દેશમાં બેંકના ધિરાણ લેનારાઓને રાહત આપતા ફરીએક વખત વ્યાજદર યથાવત રાખ્યા છે. ત્રણ દિવસ ચાલેલી રિઝર્વ બેંકની મોનેટરી સમીતીની બેઠકના નિર્ણયની આજે જાહેરાત કરતા રીઝર્વ બેંકના ગવર્નર શક્તિકાંતા દાસે જણાવ્યું હતું કેહાલ રેપોરેટમાં કોઈ ફેરફાર નહી કરવા નિર્ણય લેવાયો છે. આરબીઆઈએ જો કે નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં ફુગાવાનો દર પાંચ ટકા કે તેની આસપાસ રહી શકે છે

તેવું જણાવતા ઉમેર્યુ કે હાલ ફુગાવાની સ્થિતિ પણ સંતોષકારક છે તેથી રેપોરેટ ૬.૫ ટકા યથાવત રહેશે. શક્તિકાંત દાસે જણાવ્યું કે છતાં પણ ફુગાવો ૪ ટકાની આસપાસ રાખવાનોટાર્ગેટ છે અને અમે ચોમાસાની સ્થિતિ પર નજર રાખીશું. શકિતકાંત દાસે જણાવ્યું કે અમો હવે અર્થતંત્રની સ્થિરતા પર વધુ કેન્દ્રીત થયા છીએ. લીકવીડીટીની સ્થિતિ પણ સારી જ છે તથા સારા ચોમાસા બાદ ગ્રામીણ માંગ પણ વધી શકેછે. રીઝર્વબેંકના આ નિર્ણયથી હવે બેંક ધિરાણના દર વધશે નહી અને થાપણના દર પણ લગભગ યથાવત રહેશે.

રીઝર્વ બેંકના અંદાજ મુજબ વિકાસ દર ૬.૫ ટકા રહેશે. દેશમાં કરન્ટ એકાઉન્ટ ડેફીસીટ પણ ઘટી છે છતાં હજુ મોંઘવારી એક ફેકટર છે તે લાંબાગાળાથી નજરમાં છે. રીઝર્વ બેંકનો આ નિર્ણય અપેક્ષા મુજબનો જ છે. ખાસ કરીને ભારતમાં ફુગાવાની સ્થિતિમાં હવે નૈઋત્યનું ચોમાસુ જ મોટુ ફેકટર બનશે. રીઝર્વ બેંકે છેલ્લા દોઢ વર્ષમાં વ્યાજદરમાં ૨.૫ ટકા જેવો વધારો કર્યો છે. રીઝર્વ બેંકે જીડીપીના અનુમાનમાં થોડો બદલાવ કરી ૬.૪ ટકાના સ્થાને ૬.૫ ટકા નિશ્ચિત કર્યા છે. દેશનું વિદેશી હુંડીયામણ ૫૯૫.૧ બીલીયન ડોલરની સંતોષકારક સપાટી પર છે.

## વાવાઝોડું પાકિસ્તાન તરફ ફંટાઈ જવાની શકયતા પરંતુ ગુજરાતમાં ૧૦-૧૧ જૂને વરસાદ આવશે

અમદાવાદ તા. ૮

અરબી સમુદ્રમાં સર્જાયેલું બિપરજોય નામનું વાવાઝોડું અત્યારે મધદરિયે સ્થિર થઈ ગયું છે અને હાલમાં પોરબંદરથી ૯૬૫ કિલોમીટર દૂર છે. અત્યારે વાવાઝોડાંની ગતિ ધીમી છે એટલે તે કઈ તરફ જઈ રહ્યું છે કે પછી કઈ તરફ જશે, તે અત્યારે કહેવું મુશ્કેલ છે. ગાંધીનગર હવામાન વિભાગના કંટ્રોલરૂમના જણાવ્યા અનુસાર, સાચી ખબર બપોર પછી પડશે કે વાવાઝોડું કઈ દિશામાં આગળ વધી રહ્યું છે. જો મુંબઈ, ગુજરાતના દરિયા કિનારા તરફ આગળ વધે તો ગુજરાત માટે આગામી બે દિવસ જોખમી છે અને જો પાકિસ્તાન તરફ ફંટાઈ જાય તો ગુજરાત પરથી ચક્રાવાતનો ખતરો ટળશે પણ ૧૦-૧૧ જૂને વરસાદની સંભાવના તો છે જ. સાથે દરિયા કિનારાના વિસ્તારોમાં ભારે પવન પણ ફૂંકાશે.

અરબ સાગરમાં સર્જાયેલું ચક્રવાત 'બિપરજોય' પાકિસ્તાન તરફ આગળ વધી રહ્યુંછે. દરિયામાં આ વાવાઝોડું જે જગ્યાએ સર્જાયું છે, તેની બરાબર દક્ષિણે ચોમાસું અટકી ગયું હતું. તેથી જ હવે ચોમાસા માટે રસ્તો ખુલ્લો થઈ ગયો છે. હવામાન વિભાગે કહ્યું કે ચોમાસું આવતીકાલે એટલે કે ૯ જૂને કેરળ પહોંચી શકે છે. જો કે ચોમાસુ ૮ દિવસ મોડું પડી ગયું છે, પરંતુ હવે તેની ઝડપ વધી શકે છે.

કેરળની સમાંતર જયાંથી વાવાઝોડું પસાર થયું હતું તે સ્થાનો વાદળછાયું બની ગયા છે. આથી બુધવારે કેરળ અને લક્ષદ્વીપમાં ભારે વરસાદ થયો હતો. ગુરુવારે પણ વરસાદ ચાલુ રહી શકે છે. બીજી તરફ બંગાળની ખાડી ઉપર ચોમાસાના વાદળો છવાઈ ગયા છે. જેના કારણે ચોમાસાની પૂર્વ રેખા આગામી ૨૪ કલાકમાં પૂર્વોત્તર રાજ્યો સુધી પહોંચી શકે છે.

<u>ગુજરાતની તમામ ૨૬ લોકસભા બેઠકો પાંચ લાખ મતાનાં માર્જીનથી જીતવાનો પાટીલનો પ્લાન</u>

## ભાજપનાં ઓપરેશન કોંગ્રેસનો પ્રારંભ

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા. ૭

ગુજરાતમાં ભાજપ લોકસભા ચૂંટણીના ટી-૨૦ મોડમાં આવીજતાં કોંગ્રેસમાં હલચલ મચી ગઈ છે. ૨૦૧૪ અને ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાંતમામ ૨૬ બેઠકો જીતનાર ભાજપ આ વખતે જીતનું માર્જિન વધારવા માંગે છે. વિધાનસભાની ચૂંટણીમાં ભાજપને રેકોર્ડબ્રેક જીત અપાવીને નવા હીરો તરીકે ઉભરેલા સી.આર.પાટીલે પાંચ લાખ મતોની સરસાઈથી લોકસભાની તમામ બેઠકો જીતવાનો પ્લાન બનાવ્યો છે. આ પ્લાનને પૂર્ણ કરવા માટે ભાજપે મિશન હેવીવેઈટ હન્ટ શરૂ કર્યું છે. આ અંતર્ગત પાર્ટી અન્ય પાર્ટીઓમાં રહેલા ભૂતપૂર્વ ભાજપ અને યોગ્ય જન આધાર ધરાવતા નેતાઓને ભગવો પહેરાવવાની યોજના પર કામ કરી રહી છે. મહીસાગર જિલ્લામાં આપને અપસેટ કર્યાબાદ પાર્ટી હવે બનાસકાંઠામાં કોંગ્રેસને વધુ નબળી બનાવવાના મિશન પર છે. ૩૫ વર્ષથી કોંગ્રેસ સાથે જોડાયેલા અને અનેક વખત ધારાસભ્ય રહી ચૂકેલા ગોવાભાઈ રબારી ભાજપમાં જોડાઈ શકે તેવી અટકળો ચાલી રહી છે. આ અંગે તેઓ ભાજપના પ્રદેશ અધ્યક્ષ સીઆર પાટીલ સાથે બેઠક કરી ચૂકયા છે. જો આમ થશે તો બનાસકાંઠામાં કોંગ્રેસને જોરદાર ફટકો પડી શકે છે.

## હરીદ્વારનાં મંદિરોમાં ડ્રેસ કોડ લાગુ : ટુંકા કપડા પહેરીને આવનાર મહિલાઓને પ્રવેશ નહી અપાય

હરિદ્વાર,તા. ૮

ઉત્તરાખંડના હરિદ્વારના મંદિરોમાં ડ્રેસ કોડ લાગુ કરવામાં આવ્યો છે. હવે અહીંના મંદિરોમાં પશ્ચિમી વસ્ત્રો પહેરીને જવા પર પ્રતિબંધ છે. આવી સ્થિતિમાં હવે ટૂંકા કે પશ્ચિમ વસ્ત્રો પહેરેલા પુરૂષો, મહિલાઓ અને યુવતિઓ અહીંના મંદિરોમાં જઈ શકશે નહીં. આ વાતની પુષ્ટિ કરવા માટે અખિલ ભારતીય અખાડા પરિષદના પ્રમુખ અને મહાનિર્વાણીના સચિવ મહંત રવીન્દ્ર પુરી સાથે વાતચીત કરવામાં આવી હતી.

મહંત રવીન્દ્ર પુરીએ કહ્યું કે ભારતીય સંસ્કૃતિમાં શરીરના પ્રદર્શનને સારું માનવામાં આવતું નથી. જેના કારણે દક્ષિણ ભારતના મંદિરોમાં પહેલાથી જ ટૂંકા વસ્ત્રો પહેરવા પર પ્રતિબંધ છે. આ ધાર્મિક પરંપરાને આગળ વધારતા હરિદ્વારના મંદિરોમાં આવનારી બહેનો, દીકરીઓ અને માતાઓને અપીલ કરવામાં આવી છે કે તેઓ મંદિરમાં મનોરંજન માટે નહીં પરંતુ આત્મસંવર્ધન માટે આવે છે, તેથી ટૂંકા વસ્ત્રો પહેરીને દર્શન માટે આવો નહીં.

વધુમાં જણાવ્યું હતું કે, ભારતીય પરંપરામાં શરીરનો ૮૦ ટકા ભાગ ઢંકાયેલો હોવો જોઈએ. જેના કારણે મંદિરોમાં આવતા યુવક-યુવતીઓએ ૮૦ટકા શરીરનાં ઢાંકેલા કપડા પહેરીને દર્શન કરવા આવે અને જો તેઓ ટૂંકા વસ્ત્રો પહેરીને મંદિરે આવે તો તે માટે અપીલ કરવામાં આવી છે. શોર્ટ કપડા પહેરનારાઓને મંદિરમાં પ્રવેશ આપવામાં આવશે નહીં.

## આર્થિક ભીંસનાં કારણે સુરતમાં રત્ન કલાકાર પરીવારે ઝેરી દવા ગટગટાવી

સુરત તા. ૮

સુરતમાં સરથાણા યોગીચોક વિસ્તારમાં રહેતા એક જ પરિવારના ચાર સભ્યોએ સીમાડા નહેર પાસે દાતાર હોટેલ નજીક ઝેરી દવા ગટગટાવી લીધી હતી. ચારેયને નજીકની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ટૂંકી સારવાર બાદ પત્ની અને પુત્રનું મોત નિપજ્યું છે. જ્યારે પિતા અને પુત્રની હાલત ગંભીર છે. પુત્ર હાલમાં જ ધો.૧૨માં પાસ થયો છે. આર્થિક સંકડામણના કારણે રત્નકલાકારે પરિવાર સાથે આ પગલું ભર્યુ હોવાની શંકા છે.

જ્યારે મોટો દીકરો મિત્રની સાથે ગયો હતો એક દીકરી માસીના ઘરે ગઈ હતી. આથી આ બન્ને બચી ગયા છે. રત્નકલાકારે દવા પીધા બાદ પિતરાઈને ફોન કરી કહ્યું હતું કે, મારા એક દીકરા અને દીકરીને સાચવી લેજે.

સરથાણા વિજયનગર સોસાયટીમાં રહેતા અને મૂળ

<u>પુત્રી - પત્નીનું મોત : પિતા-પુત્રની હાલત ગંભીર</u>

ભાવનગરના શિહોરના વતની વિનુભાઈ ખોડાભાઈ મોરડિયા(ઉં.વ.૫૫)હીરાના કારખાનામાં કામ કરે છે. બુધવારે મોડી સાંજે વિનુભાઈ તેમની ૫૦ વર્ષીય પત્ની શારદાબેન, તેમનો ૨૦ વર્ષીય પુત્ર ક્રિશ અને ૧૫ વર્ષીય પુત્રી સેનિતાએ એક સાથે ઝેરી દવા પી લીધી હતી.

બનાવની જાણ થતા ૧૦૮ એમ્બ્યુલન્સની મદદથી ચારેયને ખાનગી હોસ્પિટલમાં ખસેડ્યા હતા. જ્યાં ચારેયને સારવાર માટે દાખલ કરાયા હતા. જ્યાં ટૂંકી સારવાર બાદ મોડી રાત્રે શારદાબેનનું મોત નિપજ્યું હતું. બાદમાં સેનિતાએ પણ અંતિમ શ્વાસ લીધા હતા. બનાવની જાણ થતા હોસ્પિટલ દોડી ગયેલી પોલીસે તપાસ શરૂ કરી હતી.

## પાકિસ્તાન ફરી આડુ ફાટયું : વર્લ્ડકપની મેચ અમદાવાદમાં રમવાનો ઈન્કાર

નવીદિલ્હી, તા.૮

પાકિસ્તાન ક્રિકેટ બોર્ડના પ્રમુખ નઝમ સેઠીએ આઈસીસીના ચેરમેન ગ્રેગ બાર્કલેને વિશ્વ કપદરમિયાન અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ઉપર કટ્ટર હરિફ ભારત વિરુદ્ધ રમવાને લઈને પોતાની આશંકાઓ વ્યકત કરી દીધી છે. પીસીબી પોતાની મેચ કોલકત્તા, ચેન્નાઈ અથવા બેંગ્લોરમાં રમવા માંગે છે. બાર્કલેઅને આઈસીસીના ડાયરેક્ટર જ્યોફ અલાર્ડિસ તાજેતરમાં જ પીસીબી અધિકારીઓ પાસેથી આ પ્રકારનું આશ્વાસન લેવા આવ્યા હતા કે તેઓ વન-ડે વર્લ્ડકપમાં પોતાની મેચ તટસ્થ સ્થળે રમાડવાની માંગ નહીં કરે. સેઠીએ બાર્કલે અને અલાર્ડિસને વાકેફ કરી દીધા છે કે પાકિસ્તાન અમદાવાદમાં મેચ રમવા નથી માંગતું. જો નોકઆઉટ અથવા ફાઈનલ મેચ હશે તો ટીમ અહીં રમશે. આઈસીસીને અનુરોધ કર્યો કે જો પાકિસ્તાન સરકાર ભારત જઈને વર્લ્ડકપ રમવાની પરવાનગી આપે છે તો પછી પાકિસ્તાનની મેચ ચેન્નાઈ, બેંગ્લોર અથવા કોલકત્તામાં રમાડવામાં આવે. પાકિસ્તાન બોર્ડ અમદાવાદમાં પાક.ટીમની સુરક્ષાને લઈને ચિંતીત છે.

**દુકાન વેચવાની છે**

જૂનાગઢનાં ભરચક વિસ્તાર પંચહાટડી ચોકમાં જે.ડી. ચેમ્બર પહેલા માળે બે દુકાન નં. ૭ અને ૮ કુલ ૨૦૨ ફુટ વેચાણથી આપવાની છે. તદ્દન વ્યાજબી ભાવમાં

સંપર્ક : ૯૯૨૫૭ ૫૫૦૦૮

<u>મુંબઈમાં શ્રધ્ધા વોકર હત્યાકાંડ જેવો કિસ્સો બહાર આવ્યો :</u>

## ૫૬ વર્ષનાં આરોપીએ લીવ ઈન પાર્ટનર ૩૨ વર્ષીય મહિલાનાં શરીરનાં ટુકડા કરી કુકરમાં બાફી કુતરાને ખવડાવી દીધા

મુંબઈ તા. ૮

મુંબઈમાં શ્રદ્ધા વોકર મર્ડર કેસ જેવો કિસ્સા બહાર આવ્યો છે. મુંબઈના મીરારોડ વિસ્તારમાં એક ૩૨ વર્ષીય મહિલાની તેના ૫૬ વર્ષીય લિવ-ઈન પાર્ટનર દ્વારા કરપીણ હત્યા કરવામાંઆવીહતી. બાદમાં તેના મૃતદેહના કટરથી ટુકડા કરી નાંખ્યા હતા. હત્યારો આટલાથી જ અટક્યો નહોતો, તેણે કૂકરમાં મહિલા પાર્ટનરનાં મૃતદેહના કેટલાક ટુકડા બાફી નાંખ્યા હતા અને કુતરાઓને ખવડાવી દીધા હતા. પોલીસે આરોપીને કસ્ટડીમાં લીધો છે.

આરોપીનું નામ મનોજ સાહની છે. જે છેલ્લા ૩ વર્ષથી મીરા રોડ વિસ્તારમાં આકાશગંગા બિલ્ડિંગના સાતમા માળે ભાડાના ફ્લેટમાં સરસ્વતી વૈદ્ય નામની મહિલા સાથે રહેતો હતો. ફ્લેટમાંથી દુર્ગંધ આવતાં બિલ્ડિંગના લોકોએ બુધવારે પોલીસને જાણ કરી હતી ત્યારપછી પોલીસ તપાસ માટે પહોંચી હતી.

પોલીસને શંકા છે કે શરીરના કેટલાક ભાગો રખડતા કૂતરાઓને ખવડાવવામાં આવ્યા હતા. સોસાયટીના રહેવાસીઓએ પોલીસને જણાવ્યું કે, આરોપી છેલ્લા બે-ત્રણ દિવસથી કૂતરાઓને ખવડાવતો જોવા મળ્યો હતો. આ લોકોએ જણાવ્યું કે આરોપીને આ પહેલા ક્યારેય આવું કરતા જોયો નથી. ડીસીપી જયત બજબલેએ જણાવ્યું કે જ્યારે અમે સ્થળ પર પહોંચ્યા તો ફ્લેટમાંથી એક મહિલાના મૃતદેહના ટુકડા મળી આવ્યા હતા. આ ટુકડાઓ સડેલા હતા જેને જોઈને ત્રણ-ચાર દિવસ પહેલા હત્યા કરવામાં આવી હોવાનું અનુમાન લગાવ્યું છે. મહિલાની અત્યંત નિર્દયતાથી હત્યા કરવામાં આવી હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે.

## ૨૩ જૂને પટનામાં વિપક્ષી નેતાઓની બેઠક યોજાશે

પટના,તા. ૮ : પટનામાંવિપક્ષી દળોની બેઠક પહેલાં ૧૨ જૂનનાં રોજ થવા જઈ રહી હતી. પરંતુ હવે નીતીશ કુમારની પાર્ટી JDUના અધ્યક્ષ લલન સિંહે જણાવ્યું કે હવે આ બેઠક ૨૩ જૂનનાં રોજ થશે. આ બેઠકમાં કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી પણ શામેલ થશે. આ સિવાય કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખરગે, મમતા બેનર્જી, ઉદ્ધવ ઠાકરે, શરદ પવાર, કેજરીવાલ, હેમંત સોરેન, સ્ટાલિન, અખિલેશ યાદવ પણ શામેલ થશે. એવું જાણવા મળી રહ્યું છે કે આ તમામ નેતાઓની સહમતી બાદ ૨૩ જૂનની તારીખ ફાઈનલ કરવામાં આવી છે. બેઠકમાં લેફટનાં નેતા સીતારામ યેચુરી, ડી રાજા, દીપાંકર ભટ્ટાચાર્ય વગેરે નેતાઓ પણ શામેલ થશે.

### નાની બચત યોજનાઓનાં વ્યાજ દર વધશે

નવી દિલ્હી તા. ૮ : નાની બચતયોજનાઓના વ્યાજદરમાં વધારા અંગે મોદી સરકાર ટૂંક સમયમાં નિર્ણય લઈ શકે છે. ચાલુ મહિને વ્યાજ દરોનીસમીક્ષા કરવામાં આવશે. એવી અપેક્ષા છે કે પબ્લીક પ્રોવિડન્ટ ફંડના વ્યાજ દરો વધી શકે છે. સરકારે એપ્રિલ ૨૦૨૦ થી PPF ખાતાના વ્યાજ દરમાં કોઈ ફેરફાર કર્યો નથી.

સરકાર નાની બચત યોજનાઓની સમીક્ષા કર્યા પછી દર ત્રણ મહિને તેના વ્યાજ દરોમાં સુધારો કરે છે. છેલ્લી વખત નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ના પ્રથમ ક્વાર્ટર (એપ્રિલથી જૂન) માટેના વ્યાજદરમાં ૩૧ માર્ચે વધારો કરવામાં આવ્યો હતો. નાણા મંત્રાલયે રાષ્ટ્રીય બચત પ્રમાણપત્ર, કિસાન વિકાસ પત્ર, પોસ્ટ ઓફિસ બચત યોજનાઓ અને વરિષ્ઠ નાગરિક બચત યોજનાના વ્યાજ દરોમાં સુકન્યા સમૃદ્ધિ યોજનાથી ૦.૭૦ ટકા સુધીનો વધારો કર્યો હતો, પરંતુ PPFના વ્યાજ દરોમાં કોઈ ફેરફાર થયો નથી.

### રૂા. ૨૦૦૦ની નોટ ૩૫ ટકા પરત આવી ગઈ

મુંબઈ,તા. ૮ : રિઝર્વ બેંક દ્વારા ૨૩ મેના રોજ બજારમાંથી રૂા. ૨,૦૦૦ની નોટો પાછી ખેંચવા માટે શરૂ કરવામાં આવેલી કવાયતે હવે વેગ પકડવાનું શરૂ કર્યુ છે. કેન્દ્રીય બેંકના ટોચના સૂત્રોએ જણાવ્યું હતું કે અત્યાર સુધીમાં રૂા. ૨,૦૦૦ની ૩૫ ટકા નોટો પરત આવી છે. ૩૧ માર્ચ, ૨૦૨૩ સુધીમાં, ૨,૦૦૦ રૂપિયાની ૧૮,૧૧૧ લાખ નોટો ચલણમાં હતી, જે વોલ્યુમની દ્રષ્ટિએ ચલણમાં રહેલી કુલ નોટોના લગભગ ૧.૩ ટકા જેટલી છે.

સૂત્રોએ જણાવ્યું હતું કે હવે પાછી આવેલી લગભગ ૮૦ ટકા નોટો ખાતામાં જમા થઈ ગઈ છે જયારે બાકીની બદલી કરવામાં આવી છે. ગયા મહિને સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયાના ચેરમેન દિનેશ ખરાએ કહ્યું હતું કે બેંકને લગભગ ૧૭,૦૦૦ કરોડ રૂપિયાની ૨,૦૦૦ રૂપિયાની નોટો મળી હતી, જેમાંથી ૧૪,૦૦૦ કરોડ રૂપિયાની નોટો જમા થઈ ગઈ છે.

### સમાચાર રાઉન્ડ અપ

- ● ચોમાસા પૂર્વે મુખ્યમંત્રીનાં અધ્યક્ષ સ્થાને બેઠક મળી : ૮ મહાનગરોમાં હાથ ધરાયેલ આગોતરા આયોજનની સર્વગ્રાહી સમિક્ષા કરાઈ : મહાનગરપાલિકાનાં કમિશ્નરો સાથે વિડીયો કોન્ફરન્સ
- ● અફઘાનિસ્તાનમાં વેન ખીણમાં ખાબકતા ૨૪નાં મોત : બોંબ વિસ્ફોટમાં ગવર્નરનું મોત
- ● વિશ્વભરમાં મંદીની અસર : અબજોપતિઓની સંખ્યામાં ૩.૫ ટકાનો ઘટાડો
- ● કેનેડામાં ૭૦૦ ભારતીય વિદ્યાર્થીઓનાં દસ્તાવેજો બોગસ નીકળતા ભાવિ અધ્ધરતાલ : ભારત પરત મોકલાશે
- ● રૂા. ૩૨૫૦ કરોડની લોનની છેતરપીડીનાં મામલે આઈસીઆઈસીઆઈનાં ભૂતપુર્વ ચેરમેન ચંદા કોચરની મુશ્કેલી વધી : કાર્યવાહી કરશે.
- ● અલંગ શીપ બ્રેકીંગ યાર્ડને પુર્નઃ ધમધમતું કરવા રાજય સરકારે રાહતનો પટારો ખોલ્યો : હાઉસીંગ સેસ માફ કરાઈ

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનાં ૪૭માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા..

**વિશ્વાસપાત્ર બિયારણ**
મેળવવાનું એકમાત્ર સ્થળ

- ● શાકભાજી બિયારણો
- ● ઘાસચારા બિજ
- ● સોયાબિન
- ● કપાસ
- ● તુવેર
- ● દિવેલા
- ● મગ
- ● અડદ
- ● ડુંગળી બિજ
- ● ગાજર બિયારણ

**જલારામ એગ્રો સેન્ટર - જૂનાગઢ**

ધ્રુવ ચેમ્બર્સ, હોટલ આનંદ સામે, બસ સ્ટેશન રોડ, જૂનાગઢ. સંપર્ક : ૯૭૧૪૦ ૪૬૨૦૬
(ફોન કરવાનો સમય : સવારે ૯ થી સાંજે ૭)

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

**ડૉ. ધવલ સંઘવી**
બી.એ.એમ.એસ. (B.V.P.U.). Pune

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે
નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ : જૂનાગઢ મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પદ્ધતિથી સારવારકરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક

દરેક જગ્યાએ ઉપલબ્ધ

કલીનીક : પ્લોટ નં. ૪૧૭, જી.આઈ.ડી.સી.-૨, જૂનાગઢ.
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...




C M Y K

## આજની વાત



જૂનાગઢનાં જાવેદભાઈ કલ્યાણી એ જણાવ્યું હતું કે સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક અખબાર એવું છે કે રોજેરોજ તેનું વાંચન કરવું ગમે છે. રોજેરોજનાં સમાચાર સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકમાં પ્રગટ થાય છે અને લોકોને ઉપયોગી માહિતી આપનારૂ આમજનતાનું પ્રિય અખબાર એટલે જ જૂનાગઢનો અવાજ સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક અખબાર છે. સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક બપોરે ક્યારે બહાર પડે તેની અમે તેની ઈન્તેજારી પૂર્વક રાહ જોઈ રહયા હોય છે.

જાવેદભાઈ કલ્યાણી દરબાર
માનવતા ચોટી કન્સલ્ટ



જૂનાગઢમાં પ્રજાકીય લોક પ્રશ્નોનો ધબકાર ગણાતા સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક અંગે પપુભાઈ જે પાન બીડીના વેપારી છે તેમણે જણાવ્યું હતું કે આ અમારૂ પ્રિય અખબાર છે. રાત્રે કામ ધંધા માંથી ફ્રી થાય ને પેપર વાંચું છું લોકોનાં પ્રશ્નોને વાચા આપનારૂ અને આમ જનતાને માટે ન્યાય અપાવવામાં પણ સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક પ્રથમ સ્થાને રહે છે. ત્યારે આ અખબાર વધુને વધુ આમ જનતાનાં પ્રશ્ને વાચા આપે તેવી શુભેચ્છા પાઠવી છે.

પપુભાઈ
પાન બીડીના વેપારી



જૂનાગઢ સિવિલ હોસ્પિટલ પાસે બેસીને એન્ટિક વસ્તુ વેચનાર માસુમ જૂનાગઢી (શાયર ) એ જણાવ્યું હતું કે સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકમાં આવતાં સમાચારો આમજનતાને જાણકારી પુરી પાડે છે. તેમજ ઘણુ સારૂ વાંચન વાચવા મળે છે. અને અમારૂ પ્રિય અખબાર એટલે સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

માસુમ જૂનાગઢી (શાયર)
એન્ટિક વસ્તુના વેપારી



જૂનાગઢનાં સુખનાથ ચોક વિસ્તારમાં સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનો વિશાળ વાંચક વર્ગ રહેલો છે ત્યારે દાણાપીઠ માં આવેલ બાલાજી એજન્સીના વેપારી સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક અંગે પોતાનો પ્રતિભાવ વ્યકત કરતા જણાવ્યું હતું કે સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક એટલે અમારૂ પ્રિય અખબાર છે. આ અખબારમાં આવતાં સમાચારો તટસ્થાપૂર્ણ સમાચારો હોય છે. અને સમાજનાં વિવિધ વર્ગોને સ્પર્શતા પ્રશ્નોને કાયમને માટે વાચા આપવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. ત્યારે સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક એટલે અમારૂ જ નહીં પરંતુ સમગ્ર જૂનાગઢનું લોકપ્રિય અખબાર છે.

બાલાજી એજન્સી
મહાલક્ષ્મી સ્ટ્રીટ દાણાપીઠ જૂનાગઢ




# આટકોટની પરવાડીયા હોસ્પિટલમાં હૃદય રોગ વિભાગ તથા બે નવા મોડ્યુલર ઓપરેશન થિયેટરનું મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે લોકાર્પણ

## ગ્રામ પંચાયત સ્તરે દાતાઓના માધ્યમથી અંતરિયાળ વિસ્તારમાં શ્રેષ્ઠ અદ્યતન સુવિધાસભર પરવાડીયા હોસ્પિટલનું નિર્માણ વડાપ્રધાનશ્રીના વિકસિત રાષ્ટ્રની રાજનીતિનું ઉત્કૃષ્ટ પ્રમાણ : મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ







## છેવાડાના માનવી સુધી શ્રેષ્ઠ તબીબી સેવાઓ ઉપલબ્ધ થઈ છે, દરેક જિલ્લામાં એક મેડિકલ કોલેજની સુવિધા ઉપલબ્ધ કરાવવાની દિશામાં ગુજરાત આગળ વધી રહ્યું છે : ગરીબ અને જરૂરિયાતમંદ દર્દીઓ સારવારના ખર્ચને પહોંચી વળવા અસક્ષમ આયુષ્માન કાર્ડ થકી રૂા.દસ લાખ સુધીની સારવાર ઉપલબ્ધ થતા શ્રેષ્ઠ સારવાર માટે સક્ષમ : સાંસદ સી.આર.પાટીલ

(પંકજ ઝીબા દ્વારા) રાજકોટ તા.૮

ગ્રામ પંચાયત સ્તરે નિર્માણ પામતી અદ્યતન શ્રેષ્ઠ સુવિધાસભર હોસ્પિટલ ઉભી થઈ છે, તે છેવાડાના માનવી સુધી વિકાસનાં ફળો પહોંચાડવાની વડાપ્રધાન નરેન્દ્ર મોદીની વિકાસની રાજનીતિને આભારી છે. ગ્રામ્ય સ્તરે પાણી, રસ્તા, વિજળી સહિતની આંતરમાળખાકીય સુવિધા ઉપલબ્ધ હોય ત્યારે જ આવી મલ્ટીસ્પેશ્યાલિટી હોસ્પિટલ આકાર લઈ શકે છે, જે ગુજરાતમાં છેવાડાનાં હર-એક-એક માનવી સુધી દરેક સુવિધા અને વ્યવસ્થા પહોંચી છે, તે વડાપ્રધાનશ્રીના વિકસિત રાષ્ટ્રની રાજનીતિનું ઉત્કૃષ્ટ પ્રમાણ હોવાની તેની સાબિતી હોવાનું મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના વરદ હસ્તે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજકોટ જિલ્લાના આટકોટ ખાતે કે.ડી. પરવાડીયા હોસ્પિટલમાં હૃદય રોગ વિભાગ તથા બે નવા મોડ્યુલર ઓપરેશન થિયેટરનું લોકાર્પણ પ્રસંગે યોજાયેલા કાર્યક્રમમાં સંબોધન કરતા મુખ્યમંત્રીએ જણાવ્યું હતું. મુખ્યમંત્રીએ ઉમેર્યુ હતું કે આજે વિશ્વમાં કોઈ પણ મુશ્કેલી આવે ત્યારે તેના નિરાકરણ માટે વિશ્વ નરેન્દ્ર મોદી તરફ જુએ છે. ઓસ્ટ્રેલિયા સહિતના અગ્રણી દેશો જ્યારે વડાપ્રધાનશ્રીના વૈશ્વિક નેતૃત્વ અને કાર્યશૈલીની પ્રસંશા કરે તે આપણા દેશ માટે ગૌરવની બાબત છે. નરેન્દ્ર મોદીના માર્ગદર્શન હેઠળ ગુજરાત દેશનું ગ્રોથ એન્જિન અને રોકાણકારોની પ્રથમ પસંદગી બન્યું છે. વડાપ્રધાનના માર્ગદર્શન હેઠળ મેડિકલ ક્ષેત્રને સશક્ત કરવાના આયોજન અંતર્ગત મેડિકલ કોલેજમાં બેઠકોની સંખ્યા આજે ૧૨૦૦થી વધારીને ૮૦૦૦ જેટલી કરવામાં આવી છે અને હજુ પણ વધારવાનું આયોજન છે. દરેક જિલ્લામાં એક મેડિકલ કોલેજની સુવિધા ઉપલબ્ધ કરાવવાની દિશામાં ગુજરાત આગળ વધી રહ્યું છે. આઝાદી કા અમૃત મહોત્સવ નિમિત્તે ભારત અમૃત કાળમાં પ્રવેશ્યું છે ત્યારે છેવાડાના માનવી સુધી દરેક સુવિધા વ્યવસ્થા પહોંચે અને ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવાનું વડાપ્રધાનનું સ્વપ્ન પૂર્ણ થાય તે માટે કટિબદ્ધ થવા ઉપસ્થિતોને અનુરોધ કર્યો હતો તેમજ દાતાઓના પૈસાનો શ્રેષ્ઠ ઉપયોગ કરી અંતરિયાળ વિસ્તારમાં અદ્યતન હોસ્પિટલનું નિર્માણ કરવા બદલ ડો. ભરત બોઘરાને બિરદાવ્યા હતા.

આ પ્રસંગે પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર.પાટીલે આટકોટની કે.ડી.પરવાડીયા હોસ્પિટલની કામગીરીને અભિનંદન આપતા ડો. ભરતભાઈ બોઘરા અને તમામ ટ્રસ્ટીઓને બિરદાવતા જણાવ્યું હતું કે, અહીંની અદ્યતન હોસ્પિટલમાં તબીબોની શ્રેષ્ઠ ટીમ દ્વારા ઉત્કૃષ્ટ સારવાર સાથે એક વર્ષમાં ૫૮ હજાર થી વધુ ઓ.પી.ડી. અને ૪ હજારથી વધુ ઓપરેશન કરવામાં આવ્યા છે. સી.આર. પાટિલે જણાવ્યું હતું કે, પહેલાંના સમયમાં ગરીબ અને જરૂરિયાતમંદ દર્દીઓ સારવારના ખર્ચને પહોંચી વળવા સક્ષમ ના હોવાના કારણે તેઓની બીમારી છુપાવતા અને સારવારથી દૂર રહેતા હતાં. તેમની આ વ્યથા, ચિંતાને દૂર કરતા દેશના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આયુષ્માન કાર્ડ યોજના થકી ગરીબ અને જરૂરિયાતમંદ દર્દીઓને રૂા.પાંચ લાખની વિનામૂલ્ય સારવાર ઉપલબ્ધ કરાવી છે. જેમાં રાજ્ય સરકાર દ્વારા પાંચ લાખની સહાય ઉમેરી કુલ રૂપિયા દસ લાખ સુધીની તબીબી સારવાર હવે જરૂરિયાતમંદોને નિશુલ્ક સુવિધાની વ્યવસ્થા કરાઈ છે. તેઓએ આ તકે નરેન્દ્ર મોદીના વડાપ્રધાન તરીકેના ૯ વર્ષમાં કાર્યકાળમાં થયેલા લોકકલ્યાણના કામોનો ચિતાર રજુ કરી દેશને અપાવેલ ગર્વની સરાહના કરી હતી. આ તકે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ તથા સી.આર.પાટીલે તમામ દાતાઓનું સન્માન કર્યું હતું. કાર્યક્રમની શરૂઆતમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને સાંસદ સી.આર.પાટીલ વિન્ટેજ કારમાં ઉપસ્થિતોનું અભિવાદન ઝીલતાં ઝીલતાં કાર્યક્રમ સ્થળે આવી પહોંચ્યા હતા. હોસ્પિટલના મેનેજિંગ ટ્રસ્ટી ડો. ભરત બોઘરાએ સ્વાગત પ્રવચનમાં પરવાડીયા હોસ્પિટલની કાર્યપદ્ધતિ અને ઉપલબ્ધ સુવિધાઓ અંગે ટૂંકી રૂપરેખા આપતાં જણાવ્યું હતું કે, પરવાડીયા હોસ્પિટલ દરેક ગરીબ અને જરૂરિયાતમંદ દર્દીઓની અદ્યતન શ્રેષ્ઠ સુવિધાસભર સારવાર ઉપલબ્ધ કરાવતી માનવીય અભિગમ ધરાવતી હોસ્પિટલ છે. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ આયુષ્માન કાર્ડ યોજના થકી ગરીબ અને જરૂરિયાતમંદ દર્દીઓને રૂા.પાંચ લાખની વિનામૂલ્ય સારવાર ઉપલબ્ધ કરાવી છે. જેમાં રાજ્ય સરકાર દ્વારા પાંચ લાખની સહાય ઉમેરી કુલ રૂપિયા દસ લાખ સુધીની તબીબી સારવાર હવે જરૂરિયાતમંદોને નિશુલ્ક ઉપલબ્ધ કરાવાઈ છે જેનો મહતમ લાભ લેવા અનુરોધ કર્યો હતો. વડાપ્રધાનના માર્ગદર્શન હેઠળ મેડિકલ ક્ષેત્રને સશક્ત કરવાના આયોજન અંતર્ગત મેડિકલ કોલેજનું પણ આયોજન હોવાનું બોઘરાએ ઉમેર્યું હતું. આ પ્રસંગે આમંત્રિતોના હસ્તે દીપ પ્રાગટ્યથી કાર્યક્રમનો શુભારંભ થયા બાદ મહાનુભાવોનું પુસ્તક અને પુષ્પગુચ્છથી સ્વાગત કરાયું હતું. આ પ્રસંગે હોસ્પિટલની કામગીરી રજૂ કરતી એક ડોક્યુમેન્ટ્રી ફિલ્મનું પ્રસારણ પણ કરાયું હતું. આ તકે મંત્રીસર્વે રાઘવજીભાઈ પટેલ, કુંવરજીભાઈ બાવળીયા, ભાનુબેન બાબરીયા, નાયબ મુખ્ય દંડક જગદીશભાઈ મકવાણા અને કૌશિકભાઈ વેકરીયા, સંસદ સભ્યો તથા ધારાસભ્યો, જિલ્લા પંચાયત પ્રમુખ ભુપતભાઈ બોદર, રાજકોટ મેયર પ્રદીપ ડવ, રાજકોટ દૂધ ઉત્પાદક સહકારી મંડળીના પ્રમુખ ગોરધનભાઈ ધામેલીયા, ખોડલધામ ટ્રસ્ટના પ્રમુખ નરેશ પટેલ, પૂર્વ રાજ્યપાલ વજુભાઈ વાળા, અલ્પેશ ઢોલરીયા, મુકેશભાઈ દોશી, લવજીભાઈ બાદશાહ, મૌલેશ ઉકાણી સહિતના અગ્રણીઓ, કલેક્ટર પ્રભવ જોશી, જિલ્લા વિકાસ અધિકારી દેવ ચૌધરી, નગરપાલિકાઓના પ્રાદેશિક કમિશનર ધીમંત વ્યાસ, ગ્રામ્ય પોલીસ અધિક્ષક જયપાલસિંહ રાઠોર, પ્રાંત અધિકારી રાજેશ આલ, સંતો-મહંતો, હોસ્પિટલનો સમગ્ર સ્ટાફ તથા વિશાળ સંખ્યામાં નાગરિકો આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના વરદ હસ્તે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજકોટ જિલ્લાના આટકોટ ખાતે કે.ડી. પરવાડીયા હોસ્પિટલમાં હૃદય રોગ વિભાગ તથા બે નવા મોડ્યુલર ઓપરેશન થિયેટરઅનું લોકાર્પણ પ્રસંગે યોજાયેલા કાર્યક્રમમાં સંબોધન કરતા મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે કે.ડી.પરવાડીયા હોસ્પિટલના માધ્યમથી છેવાડાના માનવી સુધી શ્રેષ્ઠ તબીબી સેવાઓ પહોંચાડી શકાઈ છે.

# શિક્ષણ પ્રત્યે અનોખી જાગૃતિ : ‘‘ઉજવણી...ઉજ્જ્વળ ભવિષ્યની’’ થીમ સાથે રાજકોટ જિલ્લામાં શાળા પ્રવેશોત્સવના ૨૦ વર્ષની ફલશ્રુતિ, ડ્રોપ આઉટ દર ૨૨ ટકાથી ઘટીને ૨.૧૯ ટકા થયો

## કન્યા કેળવણી અંતર્ગત દિકરીઓનું થઈ રહ્યું છે ૧૦૦ ટકા નામાંકન

(પંકજ ઝીબા દ્વારા) રાજકોટ તા.૮

સમગ્ર રાજયમાં પાયાનું શિક્ષણ વધુ સુદૃઢ બને, શિક્ષણમાં ગુણાત્મક સુધારો લાવી શિક્ષિત ભાવિ પેઢીનું નિર્માણ કરી શકાય તેવા શુભ આશય સાથે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના મુખ્યમંત્રીકાળના વર્ષ-૨૦૦૩થી શરૂ કરેલા શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણીના યજ્ઞને આગળ વધારવા આ વર્ષે ‘‘ઉજવણી...ઉજ્જવળ ભવિષ્યની’’ થીમ સાથે આંગણવાડી, બાલવાટિકા અને પ્રાથમિક શાળામાં ધોરણ-૧માં શાળા પ્રવેશોત્સવ-૨૦૨૩ની ઉજવણી થવાની છે. ત્યારે ૨૦ વર્ષથી ચાલતા આ પ્રવેશોત્સવ દ્વારા રાજકોટ જિલ્લામાં લોકોમાં શિક્ષણ પ્રત્યે અનોખી જાગૃતિ આવી છે. હવે શાળામાં બાળકની હાજરી અને તેના સર્વાંગી વિકાસ વિષે વાલીઓ પણ જાગૃત થયા છે જેના પરિણામ સ્વરૂપે રાજકોટ જિલ્લાના ડ્રોપ આઉટ દરમાં ધરખમ ઘટાડો જોવા મળ્યો છે. શાળા પ્રવેશોત્સવના પ્રારંભ પહેલા વર્ષે ૨૦૦૩-૨૦૦૪માં રાજયનો ડ્રોપ આઉટ દર સરેરાશ ૩૭% હતો. રાજકોટ જિલ્લાનો ડ્રોપ આઉટ દર ત્યારે ૨૨% જેટલો હતો પરંતુ શાળા પ્રવેશોત્સવની ફલશ્રુતિ સ્વરૂપ રાજય અને રાજકોટ જિલ્લાનો ડ્રોપઆઉટ દર માત્ર ૨ %સુધીનો રહી જવા પામ્યો છે. તત્કાલીન મુખ્યમંત્રી અને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ બાળકના વિદ્યારંભને તેના જીવનનો યાદગાર ઉત્સવ બનાવવાના વિચાર સાથે શાળા પ્રવેશોત્સવનો પ્રારંભ કરાવ્યો હતો. આજે શાળા પ્રવેશોત્સવ બાળકના ભવિષ્યના સર્વાંગી વિકાસમા શાળાના અમૂલ્ય પ્રદાનની ઝાંખી કરનારો ઉત્સવ બન્યો છે. ૨૦ વર્ષે કન્યા કેળવણીના યજ્ઞનું ગુજરાતને ઉત્કૃષ્ટ પરિણામ મળ્યુ છે. આજે રાજ્ય કક્ષાએ સરેરાશ ૯૯% અને રાજકોટ જિલ્લામાં સરેરાશ ૧૦૦% કન્યાઓનું નામાંકન થયું છે. રાજકોટ જિલ્લામાં ૨૦મા શાળા પ્રવેશોત્સવ-૨૦૨૩ની ઉજવણી માટે કુલ-૭૫ રૂટ નક્કી કરવામાં આવ્યા છે. જેમાં મંત્રીઓ, રાજ્યના સચિવ કક્ષાના સનદી અધિકારીઓ, જિલ્લાના ચૂંટાયેલા જન પ્રતિનિધિઓ, પદાધિકારીઓ એક દિવસમાં ત્રણ શાળાના કાર્યક્રમમાં હાજરી આપશે. ત્રણ દિવસના આ કાર્યક્રમ દરમ્યાન જિલ્લામાં બાલવાટિકામાં ૧૧૮૯૯ તેમજ ધોરણ-૧માં ૧૩૫૭ ભૂલકાઓને મહાનુભાવોના હસ્તે પ્રવેશ આપવામાં આવશે.

# ખંભાળિયાના ગ્રામ્ય વિસ્તારોમાં એલ.ઈ.ડી. સ્ટ્રીટ લાઈટના બોગસ બીલો અંગેનું કૌભાંડ ઝડપાયું

(કુંજન રાડિયા દ્વારા) જામખંભાળિયા તા.૮

ખંભાળિયા તાલુકા પંચાયત હેઠળ આવતા જુદા જુદા ૨૦ ગામોમાં એલ.ઈ.ડી. સ્ટ્રીટ લાઈટ કામોની મંજૂરી તથા ચુકવણાઅંગેના બોગસ દસ્તાવેજો તૈયાર કરી તેના ઉપર સહી-સિક્કાઓ કરી, રૂપિયા ૬૮.૩૪ લાખના કામોની મંજૂરી કરી સુવ્યવસ્થિત રીતે કૌભાંડ આચરવા સબબ જામનગર પંચાયતના ઈલેકટ્રીક શાખાના ઈલેક્ટ્રિશિયન સામે વધુ એક પોલીસ ફરિયાદ ખંભાળિયા પોલીસ મથકમાં નોંધાઈ છે. આ સમગ્ર કૌભાંડ અંગે જામનગરમાં રહેતા અને ઈન્ચાર્જ કાર્યપાલક ઈજનેર તરીકે ફરજ બજાવતા કૌશલકુમાર ભીમજીભાઈ છૈયાએ જામનગરની પંચાયત વિભાગની ઈલેકટ્રીક શાખામાં ઈલેક્ટ્રિશિયન તરીકે ફરજ બજાવતા હરીસિંહ પ્રતાપસિંહ ગોહિલ સામે ખંભાળિયા પોલીસ મથકમાં ધોરણસર ફરિયાદ નોંધાવી છે. આ પોલીસ ફરિયાદમાં જાહેર થયેલી વિગત મુજબ જામનગર જિલ્લા પંચાયત હસ્તકના રોડ, રસ્તા મકાનની મરામત તથા નવા બનાવવા અંગે જામનગરની જુદી જુદી તાલુકા પંચાયતના ગામડાઓમાં કરવાના થતા ઈલેક્ટ્રીક તથા સિવિલ વર્કના કામોની તાંત્રિક મંજૂરી જામનગર જિલ્લા પંચાયત કચેરી હસ્તક આપવામાં આવે છે. જામનગર પંચાયતની પેટા વિભાગની ઓફિસમાં ઈલેકટ્રીક શાખામાં વાયરમેન તરીકે ફરજ બજાવતા હરિસિંહ પ્રતાપસિંહ ગોહિલને ઈલેક્ટ્રિશિયન તરીકેનો વધારો હવાલો સોંપવામાં આવ્યો હતો. આ પછી ગત તારીખ ૨૩ માર્ચ ૨૦૨૩ના રોજ જામનગર જિલ્લા પંચાયત માર્ગ મકાન વિભાગની કચેરીના ફરજ મોકુફીના આદેશથી આરોપી હરિસિંહ ગોહિલને બનાવટી સહીના ગુનાહિત કૃત્ય કરવા અને જામનગર જિલ્લાના જુદા જુદા ગુનાઓમાં પણ તેની સામે ફરિયાદ દાખલ કરવામાં આવી હતી.

આ દરમ્યાન થોડા સમય પૂર્વે જામનગર કચેરીના ધ્યાને આવ્યા મુજબ ખંભાળિયા તાલુકાના જુદાજુદા ગામોમાં પણ એલ.ઈ.ડી. સ્ટ્રીટ લાઈટો અંગેની કામગીરી થઈ હોવાથી આ મુદે જામનગર પંચાયતના અધિકારીઓ દ્વારા ઊંડાણપૂર્વકની તપાસમાં જામનગરના કર્મચારી હરીસિંહ ગોહિલને દ્વારકા જિલ્લામાં કામગીરી કરવાની ન હોય અને તેમણે જિલ્લાના કોઈ ગામડાના એલ.ઈ.ડી. કામ અંગેની ફાઈલ જામનગરના સક્ષમ અધિકારીસમક્ષ રજુ કરી ન હોય, આ વચ્ચે દ્વારકા જિલ્લાના પ્રાંત કચેરી હસ્તકના ૯ ગામના ૧૦ કામોની તેમજ તાલુકા વિકાસ અધિકારી હેઠળના ૧૧ ગામના ૧૪ કામોની તપાસણીમાંઆ ૨૦ ગામોના ૨૪ કામો અંગેની કરવામાં આવેલી કામગીરીની ખરાઈ કરતા જામનગર કાર્યપાલક ઈજનેરના સહી સિક્કા જોવા મળ્યા હતા. આમ, કુલ ૨૪ કામોમાં જામનગરના ઈલેક્ટ્રિશિયન દ્વારા પોતાના કાર્યક્ષેત્રમાં ન આવતું હોવા છતાં પણ બનાવટી સિક્કા મારી તેના ઉપર નાયબ કાર્યપાલક ઈજનેરની સહી જેવી ભળતી સહી કરી અને જામનગર કચેરીખાતે મોકલ્યા વગર બારોબાર ખંભાળિયાની તાલુકા પંચાયત કચેરીમાં રજૂ કરવામાં આવતા તાલુકા પંચાયત પાસેથી રૂા.૬૮,૩૪,૦૦૦ની તાંત્રિક મંજૂરી મેળવી અને તાલુકા પંચાયત દ્વારા આ ચુકવણું કરી દેવામાં આવ્યું હતું.

# કલ્યાણપુર પંથકમાંથી અનધિકૃત ખનીજ ખનન ઝબ્બે : લીઝધારક સહિત પાંચ સામે ગુનો

(કુંજન રાડિયા દ્વારા) જામ ખંભાળિયા તા.૮

દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખનીજથી સમૃદ્ધ કલ્યાણપુર પંથકમાં તંત્ર દ્વારા કરવામાં આવેલી કાર્યવાહી અંતર્ગત કલ્યાણપુરથી આશરે ૪૦ કિલોમીટર દુર વીરપર ગામ ખાતેથી ગત તારીખ ૩ મે ના રોજ ખાનગી જમીનમાંથી બોક્સાઈટ ભરીને વહન કરતા વાહન ઝડપાયા હતા. જે સંદર્ભે ખાણ ખનીજ વિભાગે હરકતમાં આવી, વિવિધ દિશાઓમાં તપાસ કરી હતી. આ પ્રકરણમાં ગેરકાયદેસર રીતે ખનીજ ખનન ખુલતા આ અંગે દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભૂસ્તર વિજ્ઞાન અને ખનીજ ખાતાના રોયલ્ટી ઈન્સ્પેકટર અંકુરભાઈ જે. ભાદરકા દ્વારા કલ્યાણપુર પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદ મુજબ કલ્યાણપુર તાલુકાના વીરપર ગામે આવેલા રમણીક મૂળજીભાઈ થાનકી લીઝ ધારક તથા સંચાલનકર્તા ભાવેશ પીઠાભાઈ કાંબરીયા (રહે. વીરપર) દ્વારા પોતાની મંજૂરી-કરારખત થયેલી લીઝનો બોક્સાઈટ (ખનીજ)નો જથ્થો ન હોવા છતાં પણ પ્લીઝ બહારના વિસ્તારમાંથી ભરેલા બોકસાઈટ (ખનીજ) માટે તેઓની લીઝના ઓનલાઈન રોયલ્ટીપાસ ખોટી રીતે ઈસ્યુ કરી, રોયલ્ટીનો દુરુપયોગ કરાવી અને જમીન માલિક જગા પીઠાભાઈ કાંબરીયા તેમજ ડમ્પરના માલિક ભરત વજશી ગોજીયા અને તેની સાથે સંકળાયેલા ભાવેશ પીઠા કાંબરીયા દ્વારા બોકસાઈટનો બિનઅધિકૃત રીતે નિકાસ કરી, આ સ્ટોક રજીસ્ટ્રેશન વિસ્તાર શ્રી વેલબક્ષ માઈનટેક કિલન યુનિટ ખાતે લઈ જવા ઉપયોગ થયો હતો. આમ, ડમ્પરમાં ભરેલા બોકસાઈટ (ખનીજ) માટે રોયલ્ટી પાસ ન હોવા છતાં તે રોયલ્ટીનો ખરા તરીકે ઉપયોગ કરી, ખોટી રીતે ઈસ્યુ કરેલી રોયલ્ટી પાસથી ખનન તથા પરિવહનનો અધિકાર ન હોવા છતાં રોયલ્ટી પાસનો દુરૂપયોગ કરી, લીઝની બહારના બોક્સાઈટના ખનીજનું ખનન તથા વહન કરવામાં કુલ રૂપિયા ૧૦,૩૧,૩૨૧ની કિંમતના ૨૩૬.૬૨૪ મેટ્રિક ટન બોક્સાઈટનો જથ્થો પોતાના આર્થિક ફાયદા માટે અને પોતાનો બદઈરાદો પૂરો પાડવા માટે બોક્સાઈટના જથ્થાનું વહન કરી, સરકારને રોયલ્ટી બાબતે છેતરપિંડી અને વિશ્વાસઘાત કરી, લીઝની બહારના વિસ્તારમાંથી સરકારના કિંમતી બોકસાઈટ ખનીજની ચોરી કરી, સરકારની તિજોરીમાં આર્થિક નુક્સાન પહોંચાડવામાં આવ્યું હોવાનું પોલીસ ફરિયાદમાં જાહેર થયું છે.

# સૂક્ષ્મ સિંચાઈ માટે પાંચ હોર્સ પાવરનું અલાયદું વીજ જોડાણ અપાશે

ગાંધીનગર, તા.૮

ખેડૂતોના હિતને વરેલી રાજય સરકારે ખેડૂતો માટે અનેકવિધ મહત્વના નિર્ણયો કર્યા છે. જેના ભાગરૂપે વરસાદી પાણીનો સંગ્રહ કરતા ખેડૂતો માટે ખેતીવાડીમાં સૂક્ષ્મ સિંચાઈ માટે પાંચ હોર્સ પાવરનુ અલાયદું વીજ જોડાણ આપવાનો મહત્વનો નિર્ણય કર્યો છે. ઊર્જામંત્રીએ ઉમેર્યુ કે, જે જગ્યાએ પાણીના તળ નીચા ગયા છે ત્યાં આવું વીજ કનેકશન આપવા માટે ખેડૂતોની, લોકપ્રતિનિધિઓની અને ખેડૂત સંગઠનોની રજૂઆત હતી જેને ધ્યાને લઈને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ લેવાયેલ આ નિર્ણયના કારણે ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છ જિલ્લાના મહત્તમ ખેડૂતોને લાભ મળશે. ખેતરમાં બનાવેલ હોજ/સંપ/ટાંકા/ખેત-તલાવડીમાંથી પાણી ઉદ્‌બહન કરી સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિ હેતુ મહત્તમ ૦૫(પાંચ) હોર્સ પાવરનું ખેતી વિષયક વીજ જોડાણ અપાશે. તેમણે ઉમેર્યું કે, જે ખેડૂત કોઈ પણ સ્રોત દ્વારા પોતાના ખેતરમાં બનાવેલ હોજમાં પાણી ભરે અને સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિથી સિંચાઈ કરે તો મહત્તમ ૫ (પાંચ) હોર્સ પાવરનું અલાયદુ કૃષિ વીજ જોડાણ આપવા માટેનાં રાજય સરકાર દ્વારા વર્ષ ૨૦૧૭માં ધારાધોરણો નિયત કરાયા હતા. હવે તેમાં સુધારો કરી ‘‘હોજ ઉપરાંત સંપ, ટાંકા અને ખેત-તલાવડીમાં થી પણ ખેડૂત પાણી ઉદ્વહન કરી શકશે એવો સુધારો કરવાનો નિર્ણય કર્યો છે. સિંચાઈ વિભાગ દ્વારા નોંધવામાં આવેલ ખેત-તલાવડીઓ ઉપરાંત સ્વખર્ચે બનાવેલ ખેત તલાવડીઓને પણ આ નિયમ લાગુ રહેશે તેમ મંત્રીએ ઉમેર્યુ હતું. રાજય સરકારના આ ખેડૂત-હિતલક્ષી નિર્ણયને કારણે ભૂગર્ભજળની બચત થશે સાથે સાથે માત્ર ૫ હો.પા.ના ખેતીવાડી વીજ જોડાણના વીજ વપરાશને કારણે ખેડૂતોને વીજબીલમાં પણ બચત થશે. તેમજ પોતાના ખેતરમાં ખેત-તલાવડી બનાવી તેના પાણીનો સિંચાઈ માટે ઉપયોગ કરવા ખેડૂતોને પ્રોત્સાહન મળશે.

# રાજયનાં ૮ મહાનગરોએ તૈયાર કરેલા પ્રિ-મોન્સુન એકશન પ્લાન-૨૦૨૩ની સર્વગ્રાહી સમીક્ષા હાથ ધરતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ






## મહાનગરોના મ્યુનિસિપલ કમિશ્નરો સાથે વિડીયો કોન્ફરન્સ યોજી ચોમાસા પૂર્વેના આગોતરા આયોજનનો જાયજો મેળવ્યો

જૂનાગઢ, તા.૮

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજયની ૮ મહાનગર-પાલિકાઓના મ્યુનિસિપલ કમિશ્નરો સાથે વિડીયો કોન્ફરન્સ યોજીને આગામી ચોમાસા પૂર્વે મહાનગરોમાં હાથ ધરાયેલા આગોતરા આયોજનની સર્વગ્રાહી સમીક્ષા હાથ ધરી હતી.

અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, ભાવનગર, જામનગર, જૂનાગઢ અને ગાંધીનગર મહાનગર-પાલિકાઓએ સિટી ડિઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાન-૨૦૨૩ અન્વયે જે પ્રિ-મોન્સુન એકશન પ્લાન તૈયાર કર્યા છે તે અંગે આ બેઠકમાં વિસ્તૃત ચર્ચા પરામર્શ કરીને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.

મુખ્યમંત્રીએ સ્પષ્ટ દિશાનિર્દેશો આપ્યા હતા કે બદલાયેલી વરસાદી પેટર્નને ધ્યાને રાખીને આ એકશન પ્લાનમાં જરૂરી વ્યવસ્થાઓ મહાનગરોમાં ઊભી થવી જરૂરી છે. તેમણે માર્ગોની જાળવણી, પાણીની અને ડ્રેનેજ લાઈન્સમાં કોઈ વિક્ષેપ ન આવે તેની કામગીરી પર તાત્કાલિક ધ્યાન કેન્દ્રીત કરવા સૂચનાઓ આપી હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ખાસ કરીને માર્ગો-રસ્તાઓની કામગીરી સંદર્ભમાં કોઈ ઢિલાશ ચલાવી લેવાશે નહિં તેવી તાકીદ કરતાં કહ્યું કે, આ વર્ષે બનેલા રસ્તાઓમાં જો કોઈ ક્ષતિ ઊભી થાય તો સંબંધિતો સામે પગલાં લેવામાં પણ ખચકાટ રાખવામાં નહિં આવે. ભૂપેન્દ્ર પટેલે મહાનગરોમાં લોકોની ચોમાસા દરમ્યાન નાની ફરિયાદો કે રજૂઆતોનો ત્વરિત પ્રતિસાદ મળે અને દરેક જવાબદાર અધિકારીનો ફોનથી પણ સંપર્ક થઈ શકે તે બાબત ઉપર ભાર મૂક્યો હતો.

મુખ્યમંત્રીના મુખ્ય અગ્ર સચિવ કૈલાસનાથન, મુખ્ય સચિવ રાજકુમાર, અધિક મુખ્ય સચિવો તથા અગ્ર સચિવોની ઉપસ્થિતીમાં યોજાયેલી આ વિડીયો કોન્ફરન્સ બેઠકમાં મ્યુનિસિપલ કમિશ્નરોએ પોતાના મહાનગરોમાં કરેલા આયોજનોની વિસ્તૃત વિગતો આપી હતી. તદઅનુસાર, પ્રિ-મોન્સુન એકશન પ્લાન સંદર્ભમાં મહાનગરોમાં મેન હોલ તથા વરસાદી પાણીના યોગ્ય નિકાલની વ્યવસ્થા, જર્જરીત અને ભયજનક ઈમારતો-મિલ્કતને દૂર કરવાની કામગીરી, ૨૪૮૭ સેન્ટ્રલ કંટ્રોલ રૂમ અને સી.સી.ટીવી નેટવર્ક સુદ્રઢીકરણ તથા ભારે વરસાદની સ્થિતી સર્જાય તો તેને પહોંચી વળવા જરૂરી અદ્યતન સાધન-સામગ્રીનું વ્યવસ્થાપન, આરોગ્ય સુવિધા, લોકોને ચેતવણી આપવા માટેની કોમ્યુનિકેશન સિસ્ટમ સહિતના માઈક્રો પ્લાનીંગથી મુખ્યમંત્રીને માહિતગાર કર્યા હતા. મહાનગરોમાં આ કાર્યવાહી સંદર્ભે મોકડ્રીલ પણ યોજવામાં આવી છે તેની વિગતો બેઠકમાં આપવામાં આવી હતી. એટલું જ નહિ, ભારે વરસાદને કારણે નાગરિકો, પશુઓનું સ્થળાંતર કરવાની જરૂરિયાત ઊભી થાય તો રિહેબીલીટેશન ટીમ, સલામત સ્થળો નિર્દિષ્ટ કરવાની કામગીરી અંગે પણ બેઠકમાં જાણકારી આપવામાં આવી હતી. મુખ્ય સચિવ રાજકુમારે મહાનગરપાલિકાઓ દ્વારા હાથ ધરાયેલી આ આગોતરી કામગીરીની સરાહના કરતાં કહ્યું કે, અન્ય નાની નગરપાલિકાઓ કે નગરોમાં વરસાદની વિકટ સ્થિતી સર્જાય તો મહાનગરો પોતાની સાધન-સામગ્રી ત્યાં મદદ માટે પહોંચાડવાનો સંવેદનાપૂર્ણ અભિગમ દાખવે. શહેરી વિકાસ અગ્ર સચિવ સંજીવકુમારે પ્રિ-મોન્સુન એકશન પ્લાન અંગે ઝિણવટપૂર્ણ માર્ગદર્શન આપતું પ્રેઝન્ટેશન પ્રસ્તુત કર્યુ હતું.

## ગાંધીનગર ખાતે શિક્ષક સેલની યોજાયેલી પ્રદેશ બેઠકમાં જૂનાગઢના કેળવણીકારોની ઉપસ્થિતિ : શિક્ષણને લગતા વિષયો ઉપર ચર્ચા કરાઈ

જૂનાગઢ, તા.૮

તાજેતરમાં પ્રદેશ કાર્યાલય કમલ ગાંધીનગર ખાતે ગુજરાત પ્રદેશ ભાજના પ્રમુખ સી.આર. પાટીલની અધ્યક્ષાતામાં શિક્ષક સેલની મહત્વની બેઠક યોજવામાં આવી હતી. આ પ્રદેશ સ્તારની




શિક્ષક સેલની બેઠકમાં જૂનાગઢના કેળવણીકારો અને શિક્ષક સેલના સભ્યો કે.ટી. ગૌતમી, ડો.વિશાલ જોષી, ડો.ડી.જી. મોદી, અજય સી.ટીટા, ગાંધીનગર ખાતે પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલ, કેબિનેટ શિક્ષણ મંત્રી ડો.કુબેર ડિંડોરજી અને શિક્ષણ રાજય મંત્રી પ્રફુલભાઈ પાનાશેરીયાને રૂબરૂ મળ્યા હતા અને શિક્ષણને લાગતા વિષયોની ચર્ચા કરી હતી.

## જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી દ્વારા પ્રગતિશીલ ખેડૂતનું સન્માન કરાયું

જૂનાગઢ, તા.૮

જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢના સરદાર સ્મૃતિ કેન્દ્ર દ્વારા વિવિધ વિસ્તરણ શિક્ષણ પ્રવૃતિઓ ચલાવવામાં આવે છે અને કૃષિ યુનિવર્સિટી દ્વારા થયેલ સંશોધનને ખેડૂતો સુધી પહોંચાડવાનું કાર્ય કરવામાં આવે છે. અખંડ ભારતનાં અજોડ શિલ્પી ખેડૂત પુત્ર સરદાર વલ્લભભાઈ પટેલની જન્મ શતાબ્દી વર્ષ (૧૯૭૫) ની યાદમાં શરૂ કરવામાં આવેલ સરદાર સ્મૃતિ કેન્દ્રો પૈકીના જૂનાગઢ કેન્દ્રએ ૧૯૯૯-૨૦૦૦નું વર્ષ રજત જયંતી વર્ષ તરીકે ઉજવેલ. આ પ્રસંગની યાદગીરી માટે અને કેન્દ્રની પ્રવૃતિઓનો વ્યાપ વધે અને બહોળો પ્રમાણમાં ખેડૂતો આ કેન્દ્રનો લાભ લેતા થાય તેવા આશયથી સરદાર સ્મૃતિ કેન્દ્ર, જૂનાગઢ રજતજયંતી એવોર્ડ શરૂ કરવામાં આવેલ છે.તે અન્વયે અત્યાર સુધીમાં જુદા-જુદા વિષયો ઉપર કુલ ૧૭ એવોર્ડ ખેડૂતોને આપવામાં આવેલ છે. દર વર્ષોની જેમ વર્ષઃ ૨૦૨૧-૨૨ નો 'કપાસની આધુનિક ખેતી પદ્ધતિ'નો સરદાર સ્મૃતિ કેન્દ્ર રજત જયંતી એવોર્ડ તા.૬/૬/૨૦૨૩ના રોજ જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી ખાતે યોજાયેલ ''નાળીયેરીની આધુનિક ખેતી પદ્ધતિ : સમસ્યા



અને સમાધાન'' વિષય પર રાજ્ય કક્ષાના સેમીનારમાં ઉપસ્થિત અધ્યક્ષ ડો.વી.પી. ચોવટીયાના કુલપતિ ડો.એ.આર.પાઠક માન. પૂર્વ કુલપતિ તથા સહ અધ્યક્ષસ્થાને એવોર્ડ વિતરણ કરવામાં આવ્યો. આ કાર્યક્રમમાં રાજયના જુદી જુદી કૃષિ યુનિવર્સીટીના વૈજ્ઞાનિકો, પ્રગતિશીલ ખેડૂતો તેમજ વિદ્યાર્થીઓ પણ હાજર રહેલ. આ કાર્યક્રમ અંતર્ગત પસંદગી પામેલ પ્રગતિશીલ ખેડૂત અશોકભાઈ બટુકભાઈ મોવલીયાને રોકડ પુરસ્કાર તથા શાલ ઓઢાડી,સ્મૃતિચિન્હ અને પ્રમાણપત્ર એનાયત કરી સન્માનિત કરવામાં આવેલ. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે વિસ્તરણ શિક્ષણ નિયામક ડો. એચ.એમ.ગાજીપરા, ડો.એમ.કે.જાડેજા તથા સરદાર સ્મૃતિ કેન્દ્રનાં સમગ્ર સ્ટાફે જહેમત ઉઠાવી હતી.

## હરસિધ્ધી સેવા ટ્રસ્ટ અમદાવાદ દ્વારા

# દ્વારકા જીલ્લાનાં પ્રસિધ્ધ યાત્રાધામ હરસિધ્ધી ખાતે કેબીનેટ મંત્રી મુળુભાઈ બેરાની ઉપસ્થિતિમાં નિઃશુલ્ક હરસિધ્ધી ભોજનાલય બનાવવાનો સંકલ્પ લેવાયો

**હરસિધ્ધી પ્રાગટય કથા તેમજ કોયલા ડુંગરની ૧૦૮ દિવાની મહાઆરતી કરવામાં આવી**

**હરસિધ્ધી પીઠ (લાડોલ)ના ગાદીપતી વિશ્વાસ જાની દ્વારા કથા વાંચન**




અમદાવાદ, તા.૮

કોયલા ડુંગર હર્ષદ તળેટી હરસિધ્ધી આશ્રમ ખાતે ૧૦૮ દિવાની મહાઆરતી તથા હરસિધ્ધી પ્રાગટ્ય કથાનું આયોજન વિશ્વાસભાઈ જાની (ગાદીપતી શ્રી હરસિધ્ધી આશ્રમ તથા હરસિધ્ધી શકિત પીઠ, લાડોલ) દ્વારા કરવામાં આવ્યુંહતું. તા.૪-૬-૨૦૨૩ને રવિવારે જેઠ સુદ પુનમનાં દિવસે દેવભુમી દ્વારકા જીલ્લાનાં સુપ્રસિધ્ધ તિર્થક્ષેત્ર હર્ષદ મુકામે હરસિધ્ધી આશ્રમના ૧૦૮ દિવાની મહા આરતી તથા હરસિધ્ધી પ્રાગટય કથા વિશ્વાસભાઈ જાની દ્વારા કરવામાં આવી હતી, સમગ્ર ભારતવર્ષનાં ચાર ધામ પૈકીની સુવર્ણનગરી દ્વારીકાનાં શ્રી કૃષ્ણ ભગવાનનાં કુળદેવી એવા માં શ્રી હરસિધ્ધીનાં મંદિરનું નવીનીકરણ હાલ ચાલી રહ્યુંછે ત્યારે સમગ્ર ગુજરાતમાંથી માં હરસિધ્ધીનાં હજારો માઈભક્તો સમગ્ર વર્ષ દરમ્યાન દર્શનાર્થે આવતા હોય ત્યારે કોઈપણ માઈભક્ત માનાં ચરણોમાં શીશ જુકાવ્યા બાદ ભુખ્યો પાછો ન જાય તેવા શુભ આશય સાથે માં હરસિધ્ધીનાં નીજ મંદિરની નજીક નિઃશુલ્ક હરસિધ્ધી ભોજનાલય શરૂ કરવાનો શુભ સંકલ્પ કરવામાં આવેલ છે. જેનું પ્રાથમિક બાંધકામ પણ પૂર્ણ કરી લેવામાં આવેલ છે. આવનારા ટુંક સમયમાં એક સાથે એક કલાકમાં ૭૦૦ થી વધુ માઈભકતો ટેબલ-ખુરશી ઉપર પ્રસાદ લઈ શકે તેવા આધુનિક ભોજનાલયનું નિર્માણ કરવામાં આવનાર છે તેમજ બીજા તબકકામાં ભકતો માટેનાં સગવડતા સભર નિવાસ સ્થાન પણ તૈયાર કરવાનો સંકલ્પ કરવામાં આવેલ છે. સાથે-સાથે સ્નાનકુંડનું નવીનીકરણ, વિશાળ વૈદીક યજ્ઞશાળા તેમજ ધ્યાનકુટીરનું પણ નિર્માણ આગામી દિવસોમાં ટ્રસ્ટ દ્વારા કરવામાં આવનાર છે. આ તકે હરસિધ્ધી શકિતપીઠ લાડોલનાં ગાદીપતી વિશ્વાસ જાનીનાં જણાવ્યા મુજબ આગામી માગશર સુદ પુનમને અનપૂર્ણા જયંતીનો પવિત્ર દિવસે આ ભોજનાલય માઈભકતો માટે શરૂ કરવામાં આવનાર હોવાનું જણાવવામાં આવે છે. જે શરૂઆતનાં તબકકામાં દર પુનમનાં રોજ ચાલુ રહેશે ત્યારબાદ યાત્રીકોનાં ઘસારાને ધ્યાનમાં લઈને દરરોજ ભોજનાલય શરૂ કરવામાંઆવનાર હોવાનું જણાવવામાંઆવેલ છે. ગુજરાત રાજ્યનાં કેબીનેટ મંત્રી મુળુભાઈ બેરાનાં જણાવ્યા અનુસાર રાજ્ય સરકાર પણ પ્રસિધ્ધ યાત્રાધામોનાં વિકાસ માટે કટીબધ્ધ છે. દરેક જીલ્લામાં એક સ્મૃતિવન બનાવવાના સંકલ્પ હોવા છતાં મુખ્ય મંત્રી ભુપેન્દ્રભાઈ પટેલનાં સાથ-સહકાર દ્વારા દ્વારકા જીલ્લામાં એક સ્મૃતિવન અગાઉથી જ મંજુર થઈ ગયેલ હોવા છતાં હર્ષદ ખાતે બીજા સ્મૃતિવનનાં નિર્માણનો ટુંક સમયમાં પ્રારંભ થવા જઈ રહ્યો છે. આ જાહેરાતને ઉપસ્થિત તમામ લોકોએ તાલીઓનાં ગળગળાટ સાથે વધાવી લીધેલ. આ સમગ્ર કાર્યક્રમ દરમ્યાન ગુજરાત રાજયનાં કેબીનેટ મંત્રી મુળુભાઈ બેરા તથા તેમના પરિવારની ઉપસ્થિતીમાં કોયલા ડુંગરવાળી માં હરસિધ્ધી યાત્રા ધામનાં ઈતીહાસમાં ક્યારેય પણ ન યોજાયેલ હોય તેવી કોયલા ડુંગરની ૧૦૮ દીવાની મહા આરતી કેબીનેટ મંત્રી મુળુભાઈ બેરા તથા તેમના પરિવાર દ્વારા ઉતારવામાં આવેલ તેમજ આ તકે હરસિધ્ધી શક્તિપીઠ લાડોલનાં ગાદીપતી વિશ્વાસ જાની તથા દ્વારકા જીલ્લા ભાજપનાં પ્રમુખ મયુરભાઈ ગઢવી, હર્ષદનાં સરપંચ સતિષગીરી ગોસ્વામી, ગોસ્વામી સમાજનાં પ્રમુખ વીજયગીરી ગોસ્વામી, મીયાળીનાં સરપંચ જેઠાભાઈ ઓડેદરા, ગાંગડીનાં દાનાભાઈ, પોરબંદર જીલ્લા શિક્ષણ સમિતીનાં ચેરમેન આવડાભાઈ ઓડેદરા, નગાભાઈ ગધેર તથા ભયલાભાઈ ગોસ્વામી અને સગાભાઈ રાવલીયા સહિતનાં મહાનુભાવો તેમજ ઉપસ્થિત ભકતજનો દ્વારા પણ લાભ લેવામાં આવેલ હતો. સમગ્ર કાર્યક્રમનું આયોજન હરસિધ્ધી સેવા ટ્રસ્ટ દ્વારા કરવામાં આવ્યું હતું અને સમગ્ર સૌરાષ્ટ્રમાંથી માં હરસિધ્ધીનાં ભકતોએ હાજર રહીને સમગ્ર પ્રસંગને ઉત્સાહભેર વધાવી લીધેલ, ખાસ આમંત્રીતોમાં ગુજરાત રાજ્ય સંગીત નાટય અકાદમીનાં માજી ચેરમેન તેમજ સંગીતકાર પંકજ ભટ્ટ, ગૌરાવ પુરસ્કાર વિજેતા નયનભટ્ટ તેમજ માંનાં પરમ ભક્ત એવા વિશાલ ભટ્ટ પરિવાર સહિત આ ધાર્મિક કાર્યક્રમનો લાભ લીધો હતો.

## સહકારી મંડળીઓની પ્રાથમિક વિગતો સંદર્ભે ઓનલાઈન પોર્ટલ તૈયાર કરાયું

### સોસાયટીના તમામ હોદ્દેદારોની વિગતો તાત્કાલિક જીલ્લા રજીસ્ટ્રારની કચેરી ખાતેથી અપલોડ કરાવવાની રહેશે

જૂનાગઢ, તા.૮

સરકાર દ્વારા સહકારી મંડળીઓની પ્રાથમિક વિગતો સંદર્ભે ઓનલાઈન પોર્ટલ તૈયાર કરવામાં આવેલ છે. જેમાં ક્રેડિટ, ગ્રાહક ભંડાર તથા અન્ય તમામ પ્રકારની સોસાયટીઓની તા.૧૫-૬-૨૦૨૩ સુધીમાં માહિતી N.C.D. PORTAL ઉપર ઓનલાઈન ભરવાની હોવાથી સોસાયટીના તમામ હોદ્દેદારોએ વિગતો તાત્કાલિક જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, (દિવાન ચોક, રંગમહેલ) જૂનાગઢની કચેરી ખાતે સોમવારથી શુક્રવાર સુધીમાં સમય ૧૧ થી ૬ કલાક દરમિયાન સંપર્ક કરી સોસાયટીઓની વિગતો ઓનલાઈન કરાવવાની રહેશે. આ માટે કાર્યાલય અધિક્ષક એચ.બી. કમાણીનો સંપર્ક કરવાનો રહેશે. વધુ જાણકારી માટે મો.૯૮૨૪૮ ૨૮૧૯૫ ઉપર સંપર્ક કરવાનો રહેશે. જેની નોંધ લેવા જીલ્લા રજીસ્ટ્રારશ્રી, જૂનાગઢની એક યાદીમાં જણાવાયું છે.



તું સ્કુલમાં પણ નિયમિત હાજરી ન હોતો આપતો ને હવે લોકસભામાં પણ સૌથી વધુ ગેરહાજર રહે છે !



તમે વર્ગમાં વિદ્યાર્થીઓની હાજરી લો છો તેમ મારે પણ ઘરમાં તમારી હાજરીની નોંધ લેવી પડે ને !

# ધોરણ-૧૧ સાયન્સમાં પ્રવેશ માટે ૧૦ જૂન સુધી ફોર્મ ભરી શકાશે

## સાયન્સની પ્રવેશ કાર્યવાહી શરૂ, એક વર્ગમાં ૭૫ વિદ્યાર્થીઓને પ્રવેશ મળશે

અમદાવાદ, તા.૮

અમદાવાદ શહેર અને ગ્રામ્યમાં આવેલી ધોરણ-૧૧ સાયન્સની સ્કૂલોમાં પ્રવેશ માટે કાર્યવાહીનો પ્રારંભ કરવામાં આવ્યો છે. જેમાં વિદ્યાર્થીઓએ ૧૦ જૂન સુધી શાળા કક્ષાએથી પ્રવેશ ફોર્મ મેળવી ભરીને પરત આપવાના રહેશે. ધોરણ-૧૧ સાયન્સમાં એક વર્ગમાં ૭૫ વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવામાં આવશે. જેમાં સ્કૂલના ૨૫ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાના રહેશે. સ્કૂલના પોતાના વિદ્યાર્થીઓનું મેરિટ લિસ્ટ જાહેર કરવામાં આવશે. ત્યારબાદ ૧૨ જૂનના રોજ પ્રથમ પ્રવેશ યાદી જાહેર કરાશે. અમદાવાદ શહેર અને ગ્રામ્યમાં આવેલી ધોરણ-૧૧ સાયન્સની સ્કૂલોમાં પ્રવેશ માટે કાર્યવાહીનો પ્રારંભ કરવામાં આવ્યો છે. જેમાં પ્રવેશ માટે મુખ્ય ૩ વિષયો ગણિત, વિજ્ઞાન અને અંગ્રેજીમાં મેળવેલા ગુણને ધ્યાને લઈને મેરિટ યાદી તૈયાર કરવામાં આવશે. ધોરણ-૧૧ સાયન્સમાં એક વર્ગમાં ૭૫ વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવામાં આવશે. પ્રવેશ કાર્યવાહીમાં શાળા કક્ષાએથી ૧૦ જૂન સુધી પ્રવેશ ફોર્મનું વિતરણ કરી જમા લેવામાં આવશે. દરેક સ્કૂલોએ પોતાના ઉત્તિર્ણ થયેલા વિદ્યાર્થીઓનું મેરિટ લિસ્ટ બનાવી ૭ જૂનના રોજ સવારે ૧૦ કલાકે શાળાના નોટિસ બોર્ડ ઉપર જાહેર કરવાનું રહેશે. લઘુમતિ સ્કૂલોએ પોતાની શાળાના ૬૯ અને અન્ય સ્કૂલના ૬ વિદ્યાર્થીઓ મળી કુલ ૭૫ વિદ્યાર્થીઓની પ્રવેશ પ્રક્રિયા કરવાની રહેશે. ધોરણ૧૧ સાયન્સમાં ૧૦ જૂનના રોજ ફોર્મ ભરી પરત મેળવવાની કાર્યવાહી પુર્ણ થયા બાદ ૧૨ જૂનના રોજ પ્રથમ પ્રવેશ યાદી જાહેર કરાશે. ત્યારબાદ તબક્કાવાર ત્રણ પ્રવેશ યાદી જાહેર કરવામાં આવશે. શાળા કક્ષાએ પ્રવેશ અંગેની કાર્યવાહી પુર્ણ થયા બાદ ૧૯ જૂનના રોજ સરકારી અને ગ્રાન્ટેડ તમામ શાળાઓએ પોતાની ખાલી પડેલી બેઠકોની યાદી ભરતી પ્રક્રિયા માટે મોકલી આપવાની રહેશે. શાળાકક્ષાએ પ્રવેશ કાર્યવાહી પુર્ણ થયા બાદ પ્રવેશ વંચિત તમામ કેટેગરીના વિદ્યાર્થીઓ માટે કેન્દ્રીય ભરતી પ્રક્રિયાના ફોર્મ ૨૦ જૂન અને ૨૧ જૂનના રોજ સરકારી કન્યા શાળા, રાયખડ ખાતે મેળવી પરત ભરીને આપવાના રહેશે. ત્યારબાદ પ્રવેશ વંચિત વિદ્યાર્થીઓની પ્રવેશ કાર્યવાહી ૨૩ જૂના રોજ રાખવામાં આવશે. આમ, ૨૩ જૂનના રોજ ધોરણ-૧૧ સાયન્સની પ્રવેશ કાર્યવાહી પુર્ણ થયેલી જાહેર કરવામાં આવશે.

# ગુજરાતમાં નવી સોલાર પોલિસીના અમલ પછી કાર્બન ઉત્સર્જનમાં ૫૫%નો ઘટાડો

## એપ્રિલ ૨૦૨૩માં $CO_2$ ઉત્સર્જનમાં ૨૬.૭૪ મિલિયન ટન ઘટાડો થયો

ગાંધીનગર, તા.૮

૨૦૭૦ સુધીમાં ભારતમાં નેટ ઝીરો કાર્બન ઉત્સર્જનના લક્ષ્યને હાંસલ કરવા માટે ગુજરાત ઝડપી ગતિએ કામ કરી રહ્યું છે. વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે, ગુજરાતના ઊર્જા વિભાગે માહિતી આપી છે કે રાજ્યની નવી સોલાર પોલિસી ૨૦૨૧ને કારણે ઊર્જા ઉત્પાદનની પ્રક્રિયા દરમ્યાન થતા કાર્બન ઉત્સર્જનમાં ૫૫% ઘટાડો કરવામાં રાજ્યને સફળતા પ્રાપ્ત થઈ છે. રાજ્ય સરકારે ૨૯ ડિસેમ્બર ૨૦૨૦ના રોજ ગુજરાત સોલાર પોલિસી ૨૦૨૧ બહાર પાડી હતી. ૨.૫ વર્ષમાં રાજ્યમાં ઊર્જા ઉત્પાદનની પ્રક્રિયામાં થતા કાર્બન ઉત્સર્જનમાં ૯.૩૨ મિલિયન ટનનો ઘટાડો થયો છે. વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે, પર્યાવરણ સંરક્ષણમાં ઊર્જા વિભાગના યોગદાન વિશે જણાવતા, રાજ્ય સરકારની એજન્સી GUVNL (ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિ.)એ કહ્યું કે, "ગુજરાતમાં નવીનીકરણીય ઊર્જાની સ્થાપિત ક્ષમતામાં વધારો થયો હોવાના લીધે, વીજળી ઉત્પાદનની પરંપરાગત પદ્ધતિઓ ઉપરની નિર્ભરતા ઘટી છે, જેના કારણે ગુજરાતમાં ઊર્જા ઉત્પાદન દરમ્યાન થતા કાર્બન ઉત્સર્જનમાં મોટો ઘટાડો થયો છે. જોઆપણે કાર્બન ઉત્સર્જનના આંકડાઓ ઉપર નજર કરીએ તો, ડિસેમ્બર ૨૦૨૦માં ૧૭.૪૨ મિલિયન ટન ઓછા $CO_2$ ઉત્સર્જનની સરખામણીએ એપ્રિલ ૨૦૨૩માં ૨૬.૭૪ મિલિયન ટન ઓછું $CO_2$ ઉત્સર્જન થયું છે. વધુમાં, સોલાર પોલિસી ૨૦૨૧ની જાહેરાત



પછી, GUVNLએ ૬૧૮૦ મેગાવોટ સોલાર અને ૧૧૦૦ મેગાવોટ પવન ઊર્જા માટે કરાર કર્યા છે. જેના પરિણામે આગામી ત્રણ વર્ષમાં ૧૧.૦૬ મિલિયન ટન $CO_2$ ઉત્સર્જનમાં ઘટાડો થશે." ગુજરાતનું ડીકાર્બનાઈઝેશન સેલ ઓછા કાર્બન ઉત્સર્જન માટે વિગતવાર રૂપરેખા બનાવી રહ્યું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ ગુજરાત સરકાર કાર્બન ઉત્સર્જન ઘટાડવા અગ્રતા સાથે કામ કરી રહી છે. તે ઉદ્દેશ્યથી, રાજ્ય સરકારે ૨૦૨૨માં ખાસ ડીકાર્બનાઈઝેશન સેલની સ્થાપના પણ કરી છે. આ સેલ ગુજરાત એનર્જી ટ્રેનિંગ એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (GETRI) હેઠળ કામ કરે છે. આ સેલમાં ઊર્જા ટ્રાન્સમિશન, ઊર્જા ઉત્પાદન, વિતરણ, નાણા અને વાણિજ્ય ક્ષેત્રના નિષ્ણાંત અધિકારીઓનો સમાવેશ થાય છે. જેઓ ગુજરાતમાં ડીકાર્બનાઈઝેશન અને નેટ ઝીરો જેવા વિષયો ઉપર લાંબા ગાળાના પરિપ્રેક્ષ્ય સાથે કામ કરે છે. ગુજરાત સરકાર તેની વર્તમાન ઊર્જાની જરૂરિયાત અને ભવિષ્યની ઊર્જાની જરૂરિયાતોને પહોંચી વળવા રિન્યુએબલ એનર્જીને અગ્રિમ પ્રાથમિકતા આપી રહી છે. પરિણામે, ડિસેમ્બર ૨૦૨૦ સુધીમાં ૧૩,૦૩૯ મેગાવોટની સ્થાપિત ક્ષમતા સાથે ગુજરાતમાં પુર્નઃ પ્રાપ્ય ઊર્જા (સૌર+પવન+હાઈડ્રો એનર્જી)નો હિસ્સો ૩૫% હતો. જે એપ્રિલ ૨૦૨૩ સુધીમાં ૨૦,૪૩૨ મેગાવોટ સ્થાપિત ક્ષમતાના યોગદાન સાથે વધીને ૪૪% થયો છે. રાજ્ય સરકારનું લક્ષ્ય છે કે રિન્યુએબલ એનર્જીની આ સ્થાપિત ક્ષમતાને વર્ષ ૨૦૩૦ સુધીમાં ૮૦ ટકા સુધી લઈ જવામાં આવે અને રાજ્યની ૫૦ ટકા ઊર્જા જરૂરિયાતોને રિન્યુએબલ એનર્જીના માધ્યમથી પૂર્ણ કરવામાં આવે.

## મુદ્દત પૂરી થતાં ગુજરાત રાજ્યસભાની ૩ બેઠક ખાલી પડશે

# રાજ્યસભાની ત્રણ બેઠક માટે ઓગસ્ટમાં ચૂંટણી યોજાશે

નવી દિલ્હી, તા.૮

ગુજરાતમાં ઓગસ્ટ મહિનામાં રાજ્યસભાની ચૂંટણી યોજાવાની સંભાવાના છે. રાજ્યસભાની ત્રણ બેઠકો માટે ચૂંટણી યોજાશે. ત્રણેય બેઠકોની ટર્મ પૂર્ણ થવાની હોવાથી રાજયસભાની ચૂંટણી યોજાશે. ભાજપ આ બેઠકો ઉપર ચહેરા બદલાવી શકે છે. રાજ્યસભાની ૧૮ ઓગસ્ટે આ બેઠકોની ૬ વર્ષની ટર્મ પૂરી થઈ રહી છે. આ માટે કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા દેશના રાજ્યસભાની ચૂંટણીને લઈનેજે નોડેલ ઓફિસર, ચૂંટણી અધિકારીની નિમણૂક કરવા માટેનો અગાઉ પત્ર લખવામાં આવીને જાણ કરવાવામાં આવી હતી. ગુજરાતમાં ઓગસ્ટ મહિનામાં આ ચૂંટણી યોજાશે તેવી શક્યતાઓ છે. વિદેશમંત્રી એસ. જયશંકર, જુગલ ઠાકોર અને દિનેશ અનાવડિયાની ટર્મ પૂર્ણ થવાની હોવાથી રાજયસભાની ચૂંટણી યોજાશે. સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ ભાજપ આવર્ષે ત્રણ બેઠકો ઉપર પોતાના ચહેરાઓ બદલી શકે છે. કોંગ્રેસનું સંખ્યા બળ ઓછું હોવાના કારણે ૩ બેઠક ફરી ભાજપના ફાળે જાય તેવી શક્યતાઓ છે. ભાજપ ત્રણેય ચહેરા બદલી શકે છે. વિદેશમંત્રી એસ.જયશંકરને ફરી રાજ્યસભાથી ભાજપ લડાવશે. આ ઉપરાંત જુગલજી ઠાકોર, દિનેશ અનાવડિયા ડ્રોપ થઈ શકે છે. આ વખતે કોંગ્રેસ તરફથી ફોર્મ ભરાય તેવી શક્યતા નહીંવત છે. આ વખતે ભાજપ એસ.જયશંકર, જુગલજી ઠાકોર અને દિનેશ અનાવડિયામાંથી કોને રિપીટ કરશે તે રસપ્રદ રહેશે. એસ. જયશંકર હાલ વિદેશમંત્રી છે. તેઓ ગુજરાતમાંથી રાજ્યસભાના સાંસદ છે. તેમની કામગીરીને લઈને ફરીથી તેમને રાજ્યસભા સાંસદ તરીકે રિપીટ કરાય તેવી શકયતા છે. બીજી બાજુ સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ જુગલજીઠાકોર પાસે જે પ્રકારની અપેક્ષા ભાજપે રાખી હતી તે પ્રકારની કામગીરી થઈ ન હોવાની માહિતી સામે આવી છે. ભાજપ ઉત્તર ગુજરાતમાંથી જુગલજી ઠાકોરને ડ્રોપ કરી અન્ય ચહેરો પસંદ કરે તેવી શક્યતા છે. આ ઉપરાંત દિનેશ અનાવડિયાને પણ રિપીટ કરે તેવી શક્યતા ૫૦-૫૦ ટકા લાગી રહી છે. આ વખતે ભાજપ દક્ષિણ ગુજરાતમાં કોઈ નવો ચહેરો લાવે તેવી સંભાવના દેખાઈ રહી છે.

# ખામીયુક્ત સિગ્નલિંગ સિસ્ટમ, ટ્રેક રિપેર અંગે નબળી કામગીરી માટે રેલવેને ૬ મહિનામાં બે વાર જણાવ્યું હતું

(એજન્સી) તા.૮

તાજેતરમાં બાલાસોરમાં ભયાનક રેલવે અકસ્માતમાં ૨૭૫ મુસાફરો માર્યા ગયા હતા અને ૯૦૦થી વધુ ઘાયલ થયા હતા. જોકે રેલવે સત્તાવાળાઓને સિગ્નલિંગ સિસ્ટમમાં ખામીઓ અને ત્રુટિઓ વિશે છેલ્લા ૬ માહિનામાં બે વાર ચેતવણી આપવામાં આવી હતી. ગત ડિસેમ્બર ૨૦૨૨માં રજૂ કરાયેલા એક અહેવાલમાં ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલે રેલવે પાટા ઉપરથી ઉતરી જવા માટે જવાબદાર ૨૪ પરિબળોને દર્શાવ્યા હતા. એપ્રિલ ૨૦૧૭થી માર્ચ ૨૦૨૧ વચ્ચે પાટા ઉપરથી ઉતરી જતી ટ્રેનો પાછળના કારણોની તપાસના અહેવાલમાં જાણવા મળ્યું છે કે, ટ્રેકની અપૂરતી જાળવણી આવા અકસ્માતોમાં મુખ્ય ફાળો આપે છે. ફેબ્રુઆરીમાં દક્ષિણ-પશ્ચિમ રેલવે ઝોનના મુખ્ય ચીફ ઓપરેટિંગ મેનેજરે સત્તાવાળાઓને સિગ્નલિંગ સિસ્ટમમાં ગંભીર ખામીઓ વિશે પત્ર લખ્યો હતો. એક ટ્રેનની અથડામણને ટાળ્યા પછી લખેલા આ પત્રમાં અધિકારીએ ચેતવણી આપી હતી કે જો સિગ્નલિંગ સિસ્ટમમાં ખામીઓ સુધારવામાં નહીં આવે, તો આવી ઘટનાઓ ફરીથી બનશે અને ગંભીર અકસ્માતો તરફ દોરી શકે છે. ધ હિન્દુના જણાવ્યા અનુસાર, પ્રારંભિક તપાસમાં જાણવા મળ્યું છે કે, સિગ્નલિંગ સિસ્ટમમાં નિષ્ફળતાને કારણે આ અકસ્માત થયો હોવાની સંભાવના છે. કોરોમંડલ એક્સપ્રેસને શરૂઆતમાં અપ મેઈન લાઈનમાં પ્રવેશવા માટે લીલીઝંડી આપવામાં આવી હતી, પરંતુ બાદમાં સિગ્નલ હટાવી લેવામાં આવ્યું હતું. આના પગલે, એક્સપ્રેસ ટ્રેન લૂપ લાઈનમાં પ્રવેશી હતી જ્યાં તે માલ ટ્રેન સાથે અથડાઈ હતી, જેના કારણે મલ્ટિ-ટ્રેન અથડામણ થઈ હતી. ૯ ફેબ્રુઆરીના રોજ, યશવંતપુરહઝરત નિઝામુદીન સંપર્ક ક્રાંતિ એક્સપ્રેસ માલસામાન ટ્રેન સાથેની ટક્કરથી બચી ગયા બાદ દક્ષિણ -પશ્ચિમ રેલવે ઝોનના મુખ્ય ચીફ ઓપરેટિંગ મેનેજરે સત્તાવાળાઓને પત્ર લખ્યો હતો. અધિકારીએ લખ્યું છે કે, આ સિસ્ટમમાં ગંભીર ખામીઓ છે જ્યાં એસએમએસ (સિગ્નલ મેન્ટેનન્સ સિસ્ટમ) પેનલમાં રૂટના સાચા દેખાવ સાથે સિગ્નલ પર ટ્રેન શરૂ થયા પછી ડિસ્પેચનો રૂટ બદલાઈ જાય છે. આ ભૂલ 'ઈન્ટરલોકિંગના મૂળભૂત સિદ્ધાંતો'થી વિરૂધ્ધ છેધ્ ઈન્ટરલોકિંગ એ એક એવી પદ્ધતિ છે જે સિગ્નલો, પોઈન્ટ્સ અને અન્ય સાધનોની ગોઠવણીનો ઉપયોગ કરીને ટ્રેનોની વિરોધાભાસી હિલચાલને અટકાવે છે. ઉપરોક્ત ઘટનામાં સિગ્નલિંગ સિસ્ટમે ખોટી રીતે સંપર્ક ક્રાંતિ એક્સપ્રેસને કર્ણાટકના હોસાદુર્ગા રોડ સ્ટેશન નજીક ડાઉન લાઈનમાં પ્રવેશવાની મંજૂરી આપી હતી. લોકોપાઈલટની સતર્કતાને કારણે માલસામાન ટ્રેન સાથેની અથડામણને ટાળવામાં આવી હતી જેણે ખોટી લાઇનમાં પ્રવેશતા પહેલા ટ્રેનને અટકાવી દીધી હતી. શનિવારે, ભારતીય રેલવેએ જણાવ્યું હતું કે, બાલાસોર નજીક જ્યાં અકસ્માત થયો હતો તે માર્ગ ઉપર કવચ નામની એન્ટી-ટ્રેન અથડામણ પ્રણાલી ઉપલબ્ધ નથી. એપ્રિલ ૨૦૧૭ અને માર્ચ ૨૦૨૧ની વચ્ચે પાટા ઉપરથી ઉતરી જવાને કારણે થયેલા અકસ્માતોના ૧૧૨૯ તપાસ અહેવાલોના વિશ્લેષણમાં દર્શાવવામાં આવ્યું છે કે, ૧૭૧ કેસ ટ્રેકની જાળવણી અને ૧૫૬ પાત્ર પરિમાણોની અનુમતિપાત્ર મર્યાદાઓથી વધુ વિચલનને લીધે છે. કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ રિપોર્ટમાં એ પણ દર્શાવવામાં આવ્યું છે કે, રાષ્ટ્રીય રેલ સંરક્ષા કોશમાંથી અગ્રતા-I કામો ઉપરનો એકંદર ખર્ચ ૨૦૧૭-૧૮માં ૮૧.૫૫%થી ઘટીને ૨૦૧૯-૨૦માં ૭૩.૭૬% થયો છે. રેલવે મંત્રાલયે રાષ્ટ્રીય રેલ સંરક્ષણ કોશ રેલ સુરક્ષા માટે અનામત ભંડોળ માટે ૨૦૧૭-૧૮થી શરૂ કરીને પાંચ વર્ષના સમયગાળામાં રૂા.૧ લાખ કરોડની ફાળવણીની જાહેરાત કરી હતી. CAG રિપોર્ટમાં એ પણ દર્શાવવામાં આવ્યું છે કે, ટ્રેક રિન્યુઅલ માટે ફંડની ફાળવણી પણ ૨૦૧૮-'૧૯માં રૂા.૯૬૦૭.૬૫ કરોડથી ઘટીને ૨૦૧૯-૨૦માં રૂા.૭૪૧૭ કરોડ થઈ ગઈ છે. અહેવાલમાં જણાવાયું છે કે, ફાળવેલ ભંડોળનો પણ સંપૂર્ણ ઉપયોગ કરવામાં આવ્યો નથી. કેગના જણાવ્યા અનુસાર, પાટા ઉપરથી ઉતરી જવાની ૬૩% ઘટનાઓમાં તપાસ અહેવાલો નિર્ધારિત સમયની અંદર સબમિટ કરવામાં આવ્યા નહતા અને ૪૯% કિસ્સાઓમાં અધિકારીઓ દ્વારા અહેવાલ સ્વીકારવામાં વિલંબ થયો હતો.

# મોબાઈલ ફોનને લીધે ઘણા બાળકો વર્ચ્યુઅલ ઓટિઝમનો શિકાર બની રહ્યા છે



નવી દિલ્હી, તા.૮

બાળકોની જીદથી છૂટકારો મેળવવા શું તમે પણ તેમના હાથમાં મોબાઈલ આપો છો ? તમારૂં બાળક આનાથી શાંત થઈ શકે છે, પરંતુ લાંબા સમય સુધી સ્ક્રીન ઉપર સમય વિતાવવાથી તે માનસિક રીતે કમજોર થઈ રહ્યો છે. વિશ્વભરમાં કરવામાં આવેલા ઘણા સંશોધનો દર્શાવે છે કે નાની ઉંમરે બાળકોને સ્માર્ટફોન આપવાથી તેમના માનસિક વિકાસ પર અસર પડે છે. એક રિપોર્ટ અનુસાર મોબાઈલ, ગેજેટ્સ અને વધુ ટીવી જોવાથી બાળકોનું ભવિષ્ય બગડે છે. વર્ચ્યુઅલ ઓટિઝમનું જોખમ પણ વધી રહ્યું છે.

ઘણીવાર વર્ચ્યુઅલ ઓટિઝમના લક્ષણો ૪-૫ વર્ષના બાળકોમાં જોવા મળે છે. મોબાઈલ ફોન, ટીવી અને કોમ્પ્યુટર જેવા ઈલેક્ટ્રોનિક ગેજેટ્સની લતને કારણે આવું થાય છે. સ્માર્ટફોનના વધુ પડતા ઉપયોગને કારણે અથવા લેપટોપ-ટીવી ઉપર વધુ સમય વિતાવવાને કારણે તેમને સમાજમાં અન્ય લોકો સાથે બોલવામાં અને વાતચીત કરવામાં મુશ્કેલીનો સામનો કરવો પડે છે. આરોગ્ય નિષ્ણાંતોના મતે, આ સ્થિતિને જ વર્ચ્યુઅલ ઓટિઝમ કહેવામાં આવે છે. મતલબ કે આવા બાળકોને ઓટીઝમ નથી હોતું પરંતુ તેઓ તેના લક્ષણો દેખાવા લાગે છે. આ એકથી ત્રણ વર્ષની વયના બાળકોમાં ઘણું જોવા મળે છે.

મોબાઈલના વધુ ઉપયોગને કારણે બાળકોમાં વાણીનો વિકાસ થઈ શકતો નથી અને તેમનો મોટાભાગનો સમય ગેજેટ્સમાં પસાર થાય છે. તેમનું વર્તન ખરાબ થવા લાગે છે. કેટલીકવાર તેમનો ગુસ્સો પણ ઘણો વધી જાય છે અને તેઓ આક્રમક પણ બની શકે છે. તેમની ઊંઘની પધ્ધતિમાં પણ સ્માર્ટફોનને કારણે ખલેલ પહોંચે છે. આવી સ્થિતિમાં માતા-પિતાએ બાળકોને ઈલેક્ટ્રોનિક ગેજેટ્સથી દૂર રાખવા જોઈએ. બાળકોમાં ગેજેટ્સનું ઝીરો એક્સપોઝર રાખવું જોઈએ. મતલબ કે તેમને તેનાથી સંપૂર્ણપણે દૂર રહેવું જોઈએ.

ઘણીવાર બાળક નાનું હોય ત્યારે માતા-પિતા તેમની પાસે બેસીને મોબાઈલ ફોન બતાવે છે. પાછળથી બાળકોને તેની લત લાગી જાય છે. સૌ પ્રથમ, માતાપિતાએ તેમના બાળકોને ઈલેક્ટ્રોનિક ગેજેટ્સથી દૂર રાખવા પડશે. તેમના સ્ક્રીન સમયને શૂન્ય કરવા ઉપર ભાર મૂકવો જોઈએ. તેમનું ધ્યાન અન્ય બાબતો ઉપર કેન્દ્રિત કરો. ઊંઘની પદ્ધતિ પણ ઠીક કરો. બાળકોને આઉટડોર પ્રવૃત્તિઓ માટે પ્રોત્સાહિત કરો. આ કરવા માટે, માતાપિતાએ પહેલા પોતાને સુધારવું પડશે. બાળકોએ તેમની સામે ફોનથી પણ દૂર રહેવું પડશે અને રમતગમતની પ્રવૃત્તિઓમાં ભાગ લેવો જોઈએ.

બાળકોને વર્ચ્યુઅલ ઓટિઝમથી બચાવવામાં માતા-પિતાની સૌથી મોટી ભૂમિકા હોય છે. આ સિવાય ઓટીઝમનો કોઈ ઈલાજ નથી. જો કે, વ્યક્તિત્વ વિકાસ ઉપચાર, સ્પીચ થેરાપી અને સ્પેશિયલ એજ્યુકેશન થેરાપી દ્વારા તેને અમુક અંશે અટકાવી શકાય છે. તેનાથી બાળકની સ્થિતિ સુધરી શકે છે. પરંતુ આ પ્રક્રિયામાં ઘણો સમય જરૂરી છે.

**વર્ચ્યુઅલ ઓટીઝમના લક્ષણો નીચે મુજબ છે :**

- વર્ચ્યુઅલ ઓટીઝમથી પીડિત બાળકો અન્ય લોકો સાથે વાત કરવાથી દૂર રહે છે.
- આવા બાળકો વાતચીત દરમ્યાન આંખનો સંપર્ક ટાળે છે.
- આ બાળકોમાં બોલવાની ક્ષમતાના વિકાસમાં વિલંબ થાય છે.
- તેમને સમાજના લોકો સાથે ભળવામાં ઘણી મુશ્કેલીઓ પડે છે.
- વર્ચ્યુઅલ ઓટિઝમને કારણે બાળકોનો IQ પણ ઓછો હોય છે.

# મિઝોરમમાં શરણાર્થીઓના ધસારાને લીધે સુરક્ષા ચિંતાઓ વધી રહી છે

(એજન્સી) તા.૮

છેલ્લા કેટલાક વર્ષોમાં મિઝોરમમાં મ્યાનમાર અને બાંગ્લાદેશ અને હવે મણિપુરથી શરણાર્થીઓનો ધસારો જોવા મળી રહ્યો છે, જેનાથી ત્યાંની આંતરિક સુરક્ષાની પરિસ્થિતિ અંગે ચિંતા વધી રહી છે. રાજ્ય સરકાર અને સુરક્ષા દળો દ્વારા આપવામાં આવેલ મ્યાનમારના આંકડામાં તફાવત છે. મણિપુરથી ૮,૦૦૦થી વધુ અને બાંગ્લાદેશના ૯૦૦થી વધુ લોકો આવ્યા છે અને તે વધુ વધવાની અપેક્ષા છે. અમુક અધિકારીઓનું કહેવું છે કે બાંગ્લાદેશથી આવતા લોકો નાર્કોટિક્સ અને શસ્ત્રોની દાણચોરીમાં સંડોવાયેલા હોવાની સંભાવના સાથે ચિંતા વધી રહી છે જેના કારણે સુરક્ષા દળો માટે કામગીરી વધી રહી છે. રાજ્ય સરકારના જણાવ્યા મુજબ, મ્યાનમારની સેના દ્વારા લશ્કરી ક્રેકડાઉન પછી લગભગ ૪૦,૦૦૦ મ્યાનમાર નાગરિકો મિઝોરમના સરહદી જિલ્લાઓમાં પ્રવેશ્યા છે. તેમાંથી લગભગ ૮,૦૦૦-૧૦,૦૦૦ પાછા ફર્યા હતા અને લગભગ ૩૦,૦૦૦ શરણાર્થીઓ તરીકે નોંધાયેલા હતા અને તેઓને ઓળખ કાર્ડ જારી કરવામાં આવ્યા હતા.

જો કે, સુરક્ષા દળોના મૂલ્યાંકન મુજબ મ્યાનમારના ૧૮,૦૦૦ નાગરિકો છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે રાજ્ય સરકારે તેમના માટે શિબિરોની સ્થાપના કરી હતી, જો કે તેમાંના મોટાભાગના લોકો ત્યાં રહેતા ન હતા, અને તેઓ સંબંધીઓ સાથે રહેવા ગયા હતા અથવા કામની શોધમાં બહાર ગયા હતા. મિઝોરમ અને મ્યાનમાર વચ્ચે ૫૧૦ કિમીની સીમા છે અને સરહદ ઉપરની વસ્તી એક જોડાણ ધરાવે છે અને તેમની સમાન વંશીયતા છે જેનાથી લોકોને આવતા અટકાવવાનું મુશ્કેલ છે. રાજ્ય સરકારે જણાવ્યું છે કે મ્યાનમારથી આવનાર કોઈપણને પ્રવેશ આપવામાં આવશે.

**માદક દ્રવ્યોની દાણચોરી**

ભારત-મ્યાનમાર બોર્ડર (IMB) ઉપર સરહદ રક્ષક ફરજોમાં તૈનાત ત્રણ આસામ રાઈફલ્સ બટાલિયન પણ પરિસ્થિતિ ઉપર નજર રાખી રહ્યા છે. IMBની ખાસ ચિંતા દાણચોરી છે, ખાસ કરીને માદક દ્રવ્યોની જપ્તી દર વર્ષે વધી રહી છે. દાખલા તરીકે, આ વર્ષે, મિઝોરમમાં જપ્ત કરાયેલા પ્રતિબંધિત અને માદક દ્રવ્યોની કુલ કિંમત રૂા.૬૦૩.૪૩ કરોડ છે, જે ૨૦૨૨ના રૂા.૩૫૫ કરોડથી વધુ છે. તેમાં દારૂગોળો, વિસ્ફોટકો અને અન્ય લશ્કરી સાધનો પણ જપ્ત કરવામાં આવ્યા છે. રાજ્ય સરકાર અને આસામ રાઈફલ્સના જણાવ્યા અનુસાર, મે મહિનાની શરૂઆતમાં રાજયમાં હિંસક પરિસ્થિતિથી મણિપુરમાંથી લગભગ ૮,૦૦૦ લોકો મિઝોરમમાં પ્રવેશ્યા છે અને તેમને રાજ્ય સરકારના છાવણીઓમાં આશ્રય આપવામાં આવ્યો છે. નવેમ્બર ૨૦૨૨થી, બાંગ્લાદેશ આર્મી દ્વારા કુકી ચિન નેશનલ ફ્રન્ટ (KCNF) વિરૂધ્ધનધ્ વિસ્તારમાં અને નવા આતંકવાદી સંગઠન જમાતુલ અન્સાર ફિલ હિન્દલ શર્કિયાને નિશાન બનાવ્યા પછી લગભગ ૯૦૦ કુકી ચિન લોકો બાંગ્લાદેશના ચટગાંવ હિલ ટ્રેક્ટમાંથી મિઝોરમમાં આવ્યા હતા.

**ફ્લેટ વેંચવાનો છે**

જૂનાગઢનાં જગમાલ ચોક નજીક કાજીવાડા વિસ્તારમાં 2 BHK ફ્લેટ વેંચવાનો છે ફિક્સ ફર્નીચર સાથે લીફટની સુવિધા છે

મો. ૯૮૨૪૫ ૯૨૫૫૯

## ચોમાસા અંગેનું અવલોકન

# આગામી ભારતીય ચોમાસુ આનંદીત તેમજ અનિયમિત રહેશે : દિનેશકુમાર ભટ્ટ

ભારત દેશ ખેતી પ્રધાન દેશ છે. ભારતીય દેશની જીવાદોરી ચોમાસા ઉપર નિર્ભર છે. દેશમાં ચોમાસુ કેવું જશે તે વિષે લોકો જુદા જુદા વરતારા કરે છે. હોળીની ઝાળ, અખાત્રીજનાં પવનો, ટીટોળી કયાં ઈંડા મુકે છે. આવી જુદી જુદી રીતે વરતારો કરે છે. ઘણાખરા લોકો ભડલી વાકય પ્રમાણે ચોમાસનો વરતારો કરે છે.

સમગ્ર ભારત દેશમાં જુદી જુદી જગ્યાઓએ ફાગણ, ચૈત્ર તેમજ વૈશાખ માસમાં કમોસમી વરસાદ પડયો છે. તેને કારણે ચોમાસામાં વિપરીત અસર કરે તેને કારણે દેશભરમાં ચોમાસુ આનંદિત રહે. કયાંક અતિવૃષ્ટી તો કયાંક ખંડીય વૃષાંટ પડે. પૂર્વ ઉત્તર ભારતમાં વરસાદ સારો પડશે. જયારે દક્ષિણ પશ્ચિમમાં વરસાદની થોડી ઘટ રહે.

તા. ૨૫-૫-૨૩નાં રોજ સૂર્ય રોહીણી નક્ષત્રમાં આવ્યા બાદ ગરમીનું પ્રમાણ વધુ રહયું છે. રોહીણી નક્ષત્રમાં ગરમીનું પ્રમાણ વધુ રહે તો ચોમાસા માટે સારી નિશાની ગણાય છે. તેમજ તા. ૮-૬-૨૩ પછી સૂર્ય મૃગશીર્ષ નક્ષત્રમાં પ્રવેશ કરે ત્યારબાદ પવનનું જોર વધુ રહે તો વરસાદ સારો પડે. ભડલી વાકય પ્રમાણે કહેવત છે કે રોહીણી તપે તેમજ મૃગશીર્ષ વાય તો વરસાદ સારો પડે. તા. ૭-૬-૨૩ તેમજ તા. ૮-૬-૨૩ જુન મકર રાશીમાં ચંદ્રમાં છે. મંગળ દેવ કર્ક રાશીમા છે. બંને રાશી જલ રાશી છે. તેમજ શનિદેવ કુંભ રાશીમાં વાયુ તત્વની રાશીમાં હોવાથી દરીયાઈ પ્રદેશોમાં પવનનું જોર વધુ રહે. અમુક જગ્યાએ વરસાદ પડે.

(૧) સૂર્ય મૃગશીર્ષ નક્ષત્રમાં તા. ૮-૬-૨૩થી ૨૨-૬૨૩ સુધી નક્ષત્ર રહેનાર છે. તા. ૮-૬-૨૩ના રોજ મૃગશીર્ષ નક્ષત્રમાં પ્રવેશ કરે છે. તેનું વાહન હાથી છે. તેને કારણે દેશનાં અમુક ભાગમાં વરસાદ વરસે વરસાદની શકયતાવાળા દિવસો તા. ૧૧-૬-૨૩ તા. ૨૦-૬-૨૩ તેમજ તા. ૧૫-૬-૨૩ તેમજ તા. ૨૦-૬-૨૩ તેમજ તા. ૨૧-૬-૨૩ વરસાદ પડે.

(૨) સૂર્ય આદ્રા નક્ષત્રમાં તા. ૨૨-૬-૨૩ થી તા. ૬-૭-૨૩ સુધી આદ્રા નક્ષત્રમાં રહેનાર છે. તા. ૨૨-૬-૨૩નાં રોજ આદ્રા નક્ષત્રમાં પ્રવેશ કરે છે. તેનું વાહન ઘેટુ છે. આદ્રા નક્ષત્રથી ચોમાસાની શરૂઆત ગણાય છે. આદ્ર નક્ષત્ર એટલે વર્ષાઋતુની શરૂઆત વરસાદની શકયતાવાળા દિવસો તા. ૨૨ જુન, ૨૩ જુન, ૨૪ જુન તેમજ તા. ૨૮ જુન તા. ૨૯ જુન તેમજ તા. ૩૦ જુન તેમજ તા. ૧-૭-૨૩ તેમજ ૨ જુલાઈ તથા ૪ જુલાઈ તેમજ પાંચ જુલાઈનાં રોજ મંગળ કર્ક રાશીમાંથી સિંહ રાશીમાં પ્રવેક કરશે. તેની આજુબાજુનાં સમય દરમ્યાન ઘણી જગ્યાએ અતિવૃષ્ટી વરસાદ પડે.

(૩) સૂર્ય પૂનર્વસુ નક્ષત્રમાં તા. ૬-૭-૨૩ થી ૧૯ જુલાઈ સુધી પુનર્વસુ નક્ષત્ર રહેનાર છે. તા. ૬-૭-૨૩નાં રોજ પુનર્વસ નક્ષત્રમાં પ્રવેશ કરે છે તેનું વાહન ગધેડો છે. આ સમયમાં વરસાદમાં થોડી ખેંચ રહે. વરસાદની શકયાતાવાળા દિવસો તા. ૬ જુલાઈ, ૭ જુલાઈ, ૧૦ જુલાઈ, ૧૧ જુલાઈથી તેમજ તા. ૧૨ જુલાઈ તેમજ તા. ૧૭ જુલાઈથી તા. ૧૮ જુલાઈ અમુક પ્રદેશોમાં ખંડીય વૃષ્ટાં કરાવે.

(૪) સૂર્ય પુષ્પ નક્ષત્રમાં તા. ૨૦ જુલાઈથી તા. ૩ ઓગસ્ટ સુધી પુષ્પ નક્ષત્ર રહેનાર છે. તા. ૨૦ જુલાઈના રોજ પુષ્પ નક્ષત્રમાં પ્રવેશ કરે છે. તેનું વાહન દેડકો છે. તેને કારણે દેશભરમાં વરસાદનું પ્રમાણ સારૂ રહે. અમુક જગ્યાએહેલીરૂપે વરસાદ વરસે. વરસાદની શકયતાવાળા દિવસો તા. ૨૦ જુલાઈ, ૨૧ જુલાઈ, ૨૨ જુલાઈ, ૨૫ જુલાઈ, ૨૬ જુલાઈ, ૨૭ જુલાઈ તેમજ તા. ૩૧ જુલાઈ તેમજ તા. ૧ ઓગસ્ટ સુધી વરસાદ સારો પડે. તા. ૧૭ જુલાઈથી સૂર્ય આગળ મંગળ હેનાર છે. જે તા. ૧૭ ઓગસ્ટ સુધી સૂર્ય આગળ મંગળ છે. સૂર્ય આગળ મંગળ વરસાદમાં અવરોધ કરાવે છે. સૂર્ય મંડળની પ્રતિ તા. ૧૮ ઓગસ્ટનાં રોજ ફકત એક દિવસ માટે છે. ત્યારબાદ સમગ્ર ચોમાસા દરમ્યાન સૂર્ય આગળ મંગળ રહેનાર છે. તે વરસાદ માટે સારી નિશાની ગણાય.

(૫) સૂર્ય આલેખા નક્ષત્રમાં તા. ૩ ઓગસ્ટથી તા. ૧૭ ઓગસ્ટ સુધી આલેખા નક્ષત્રમાં રહેનાર છે. તા. ૩ ઓગસ્ટનાં રોજ આલેખ નક્ષત્ર પ્રવેશ કરે છે. તેનું વાહન મહિર્ષા છે. વરસાદની શકયતાવાળા દિવસો તા. ૪ ઓગસ્ટ, પાંચ ઓગસ્ટ, ૮ ઓગસ્ટ, ૯ ઓગસ્ટ તેમજ તા. ૧૩ ઓગસ્ટ, ૧૪ ઓગસ્ટ તેમજ ૧૫ ઓગસ્ટ આ સમયગાળામાં સામાન્ય વરસાદ પડે.

(૬) સૂર્ય મધા નક્ષત્રમાં છે. તા. ૧૭ ઓગસ્ટથી તા. ૩૧ ઓગસ્ટ સુધી મધાનક્ષત્ર રહેનાર છે. તા. ૧૭ ઓગસ્ટનાં રોજ મધા નક્ષત્રમાં પ્રવેશ કરે છે. તેનું વાહન અશ્વ છે. તેથી સામાન્ય વરસાદ પડે. વરસાદની શકયતાવાળા દિવસો તા. ૧૭ ઓગસ્ટ, ૨૧ ઓગસ્ટ સુધી મંગળ રાશી ભ્રમણ કરે છે. તેથી અમુક જગ્યાએ તોફાની વરસાદ રહે. વરસાદની શકયતાવાળા દિવસો તા. ૨૪ ઓગસ્ટ, ૨૫ ઓગસ્ટ તેમજ તા. ૨૮ ઓગસ્ટ, ૨૯ ઓગસ્ટ તથા ૩૦ ઓગસ્ટ આ સમયગાળામાં સામાન્ય વરસાદ પડે. અમુક પ્રદેશોમાં સામાન્ય રહે.

(૭) સૂર્ય પૂર્વા ફાલ્ગુની નક્ષત્રમાં તા. ૩૧ ઓગસ્ટથી ૧૩ સપ્ટેમ્બર સુધી પૂર્વા ફાલ્ગુની નક્ષત્ર રહેનાર છે. તા. ૩૧ ઓગસ્ટનાં પૂર્વા ફાલ્ગુની નક્ષત્ર પ્રવેશ કરે છે તેનું વાહન મોર છે. આ ગાળામાં સમગ્ર દેશમાં સારો વરસાદ પડે. વરસાદની શકયતાવાળા દિવસો તા. ૧-૯-૨૩ તેમજ ૨, ૩,ના રોજ વરસાદના યોગ છે. તેમજ તા. ૬, ૭, ૮, ૧૧, તેમજ ૧૨-૯-૨૩ આમ સમગ્ર પૂર્વા ફાલ્ગુની નક્ષત્રમાં વરસાદ વરસે અમુક જગ્યાએ અતિવૃષ્ટી પડે.

(૮) સૂર્ય ઉતરા ફાલ્ગુની નક્ષત્રમાં તા. ૧૩ સપ્ટેમ્બરથી તા. ૨૭ સપ્ટેમ્બર સુધી ઉતરા ફાલ્ગુની નક્ષત્ર રહેનાર છે. તા. ૧૩થી ઉતારા ફાલ્ગુની નક્ષત્ર પ્રવેશ કરે છે. તેનું વાહન હાથજી છે. વરસાદનાં શકયતાવાળા દિવસો તા. ૧૩, ૧૪, ૧૮, ૧૯, ૨૦ તેમજ અહીં સૂર્ય મંગળની યુતિ કન્યા રાશિમાં આ સમગ્ર સમયમાં રહેનાર છે. શનિ કુંભ રાશીમાં તેમજ ગુરૂ વક્રી હોવાથી ખંડીય વરસાદ વરસે. અમુક જગ્યાએસારો વરસાદ વરસે. અમુક જગ્યાએ નહીવત વરસાદ વરસે તેમજ તા. ૨૧-૯-૨૩ તેમજ તા. ૨૩-૯-૨૩ તેમજ તા. ૨૪-૯-૨૩ સુધી વરસાદ પડે.

(૯) સૂર્ય હસ્ત નક્ષત્રમાં તા. ૨૭-૯-૨૩ થી તા. ૧૧-૧૦-૨૩ સુધી હસ્ત નક્ષત્ર રહેનાર છે. તા. ૨૭ સપ્ટેમ્બરથી હસ્ત નક્ષત્ર પ્રવેશ કરે છે. તેનું વાહન દેડકો છે. આ કારણે દેશભરમાં પાછોતરો વરસાદ સારો પડે. પવન ગાજવીજનું પ્રમાણ વધુ રહે. વરસાદની શકયતાવાળા દિવસો તા. ૨૮ સપ્ટેમ્બરથી તા. ૨૯ સપ્ટેમ્બર તેમજ તા. ૧ ઓકટોબર, ૨ ઓકટો, ૭ ઓકટો, ૮ ઓકટો., ૯ ઓકટોબર આ સમયગાળા દરમ્યાન વરસાદ સારો પડે.

(૧૦) સૂર્ય ચિત્રા નક્ષત્રમાં છે. તા. ૧૧ ઓકટોબરથી તા. ૨૪ ઓકટોબર સુધી ચિત્રા નક્ષત્રમાં રહેનાર છે. તા. ૧૧ ઓકટોબરનાં રોજ ચિત્રા નક્ષત્ર રહેનાર છે. તા. ૧૧ ઓકોબરના રોજ ચિત્રા નક્ષત્રમાં પ્રવેશ કરે છે તેનું વાહન મુશક (ઉંદર) છે. આ ગાળામાં સામાન્ય વરસાદનાં યોગ છે. વરસાદની શકયતાવાળા દિવસો તા. ૧૩ ઓકટોબર, ૧૪ અકોટો. તેમજ ૧૮ ઓકટો. ૧૯ ઓકટો., ૨૦ ઓકટો. તેમજ તા. ૨૩ ઓકટોબર સુધી વરસાદ એકંદરે ઠીક પડે. આ સમયમાં પશ્ચિમ ભારત તેમજ દક્ષિણ ભારતમાં પવનનું જોરા વધુ રહે. ગાજવીજનું પ્રમાણ વધુ રહે.

ચાલુ વર્ષનાં વરસાદનાં ગ્રહયોગ જોતાં અમુક પ્રદેશમાં સારો વરસાદ પડે. અમુક પ્રદેશમાં ખંડીય વૃષ્ટી રહે. તા. ૧૬-૭-૨૩થી સૂર્ય આગળ મંગળ આવી જશે. જે ચોમાસાનાં અંત સુધી સૂર્ય આગળ મંગળ રહેનાર છે. તેને કારણે અમુક પ્રદેશમાં વરસાદની ખાદ્ય રહે. આમ એકંદરે ભારતીય ચોમાસુ સામાન્ય રહે.

જયોતિષ
**દિનેશકુમાર અનંતરાય ભટ્ટ,**
જૂનાગઢ. મો. ૯૪૨૮૩ ૭૩૪૪૧.

---

## સપનાઓ થાય છે સાકાર, પડખે ઉભી છે અડીખમ ગુજરાત સરકાર

# સરકારની દેવદૂત સમાન 'ફ્રી શીપ કાર્ડ યોજના' થકી આર્થિક રીતે નબળા વર્ગના વિદ્યાર્થીઓ માટે કારકીર્દિના ઘડતર માટે ઘણી મહત્વની ભુમિકા ભજવે છે રાજકોટની ફિઝિયોથેરાપીસ્ટ : ડો. હેતલ પરમાર

### વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન ૧૯૦૧ વિદ્યાર્થીઓએ રૂા.૬૨૧.૨૩ લાખની : આર્થિક સહાય મેળવી પોતાના સપનાઓને કર્યા સાકાર




વડાપ્રધાન નરેન્દ્ર મોદીની રાહબરી હેઠળ કોઈ પણ બાળક શિક્ષણથી વંચિત ન રહે તે માટે કેન્દ્ર તેમજ રાજ્ય સરકારની અનેક કલ્યાણકારી યોજનાઓ કાર્યરત છે. વિનામૂલ્યે ગુણવત્તાયુક્ત શિક્ષણ એ સરકારનો મુખ્ય ઉદ્દેશ છે ત્યારે સમાજની દરેક વ્યકિતનો સર્વાંગી વિકાસ કરવા મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની સરકાર સતત પ્રયત્નશીલ છે. ભારત સરકાર દ્વારા અનુસૂચિત જાતિ વર્ગના વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ માટે "પોસ્ટ મેટ્રીક સ્કોલરશીપ યોજના" અમલમાં મુકવામાં આવેલી છે, જે અંતર્ગત નિયત ધારાધોરણો મુજબની પાત્રતા ધરાવતા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને "ફ્રી શીપ કાર્ડ" આપવામાં આવે છે. કેન્દ્ર સરકારની "ફ્રીશીપ કાર્ડ" યોજના થકી રાજકોટની હેતલ પરમાર નામની યુવતીનું ડોકટર બનવાનું સપનુંસાકાર થયું છે. આર્થિક રીતે નબળી પરિસ્થિતિ ધરાવતાં અનુસુચિત જાતિ પરિવારની દીકરી હેતલ પરમાર માતા-પિતા સહીત ૩ ભાઈ બહેનના પરિવારમાં સૌથી મોટી છે. હેતલના પિતા કારખાનામાં મજુરી કામ કરીને પરિવારનું ગુજરાન ચલાવતા હતા. હેતલ ભણવામાં પહેલે થી જ તેજસ્વી હોવાથી જવાહર નવોદય વિદ્યાલયની પરીક્ષા પાસ કરીને નિઃશુલ્ક ધોરણ ૫ થી ૧૨નો અભ્યાસ ખુબ સારી રીતે પૂર્ણ કર્યો. સરકારની કલ્યાણકારી યોજનાનો લાભ લઈ હેતલની નાની બહેન નર્સિંગનો અભ્યાસ કરી રહી છે તથા નાનો ભાઈ બી.એચ.એમ.એસ.નો અભ્યાસ કરી રહ્યો છે. "ફ્રી શીપ કાર્ડ" યોજનાથી લાભાન્વિત થવા બદલ કેન્દ્ર અને રાજ્ય સરકાર પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરતાં હેતલ પરમારએ જણાવ્યું હતું કે, "સરકારની દેવદૂત સમાન "ફ્રી શીપ કાર્ડ" યોજના હેઠળ મને રાજકોટની આર.કે. યુનિવર્સિટીમાં બેચલર ઓફ ફિઝીયોથેરાપીમાં પ્રવેશ મળ્યો. કરણપરામાં આવેલી સરકારી ગર્લ્સ હોસ્ટેલમાં રહીને ૪.૫ વર્ષનો અભ્યાસક્રમ પૂર્ણ કર્યો. હોસ્ટેલમાં રહેવા જમવાની તમામ ઉત્તમ સવલતો પણ મને વિનામૂલ્યે મળી હતી. ફ્રી શીપ કાર્ડ યોજના અંતર્ગત મારો ભણવાનો તમામ ખર્ચ સરકારે ઉપાડ્યો તે બદલ વડાપ્રધાન નરેન્દ્ર મોદી તથા મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની સરકારનો આભાર માનું એટલો ઓછો પડે. આ યોજના અંતર્ગત સરકારે એક વર્ષના રૂપિયા ૬૫૦૦૦ લેખે કુલ સાડા ચાર વર્ષ મારી ફી ભરી છે. કેન્દ્ર અને રાજય સરકારની મદદથી મારૂ ડોકટર બનવાનું સપનું પૂરૂ થયું અને ભણતરનાં ખર્ચની બચત થયેલી મૂડીમાંથી આજે હું મારૂ પોતાનું ફિઝીયોથેરાપીનું કિલનિક ખોલી શકી છું. "ફ્રિ શીપ કાર્ડ" યોજના હેઠળ હેતલબેનની જેમ ૧૯૦૧ વિદ્યાર્થીઓએ રૂપિયા ૬૨૧.૨૩ લાખની આર્થિક સહાય વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન મેળવી પોતાના સપના સાકાર કર્યા છે. અનુસુચિત જાતિના વિદ્યાર્થીઓ પણ ઉચ્ચ શિક્ષણ મેળવી ઉજ્જવળ ભાવિનું નિર્માણ કરી શકે તે માટે અનેક યોજનાઓ અમલી બનાવી યોજનાઓના લાભ લક્ષિત લાભાર્થી સુધી પહોચાડવામાં આવી રહ્યા છે. દરેક માતા-પિતા પોતાના સંતાનોને સારી કોલેજો, યુનિવર્સિટીમાં ભણાવવા, ઉત્તમ અને ઉચ્ચ શિક્ષણ આપી ભવિષ્ય ઉજ્જવળ બનાવવા ઈચ્છતા હોય છે, પરંતુ ક્યારેક નબળી આર્થિક પરિસ્થિતિનાં કારણે તેમના સપના પરીપૂર્ણ થઈ શકતા નથી. સામાજિક, શૈક્ષણિક અને આર્થિક વિકાસ થકી સામાજિક સમરસતા પ્રસ્થાપિત કરવા માટે સંવેદનશીલ અને કટિબદ્ધ સરકાર આવા વાલીઓનાં સપના ચરિતાર્થ કરવા સતત તેમની પડખે રહી હૂંફ આપી રહી છે.

-:: સંકલન ::-
**પ્રિયંકા પરમાર, ભાવિકા લીંબાસીયા**

---

# જૂનાગઢમાં સ્વામિ વિવેકાનંદ યુવા બોર્ડ દ્વારા વૃક્ષારોપણ કરાયું



જૂનાગઢ, તા.૮

વિશ્વ પર્યાવરણ દિવસ નિમિતે સ્વામી વિવેકાનંદ યુવા બોર્ડ દ્વારા જૂનાગઢ મહાનગરના ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ પુનિતભાઈ શર્મા, મહામંત્રી સંજયભાઈ મણવર, ભરતભાઈ શિંગાળા, અરવિંદભાઈ ભલાણી, સ્વામી વિવેકાનંદ યુવા બોર્ડના ઝોન સંયોજક વનરાજભાઈ સુત્રેજા, મહાનગર સંયોજક કેવિનભાઈ અકબરી, વોર્ડ સંયોજક-કેતનભાઈ નાંઢા, મયુરભાઈ બોઘરા, યોગેશભાઈ જેઠવા, રેનિશભાઈ ભટ્ટી, ઉત્સવ હિગોલે, નિલેશભાઈ રાનેરા, અનીલભાઈ પરમાર, પ્રીન્સ હુણ, ભાવેશભાઈ પોસીયા, પરાગભાઈ રાઠોડ, અજય સોમાણી, પિયુષ ગઢવી, ભાવેશ મોરી, વિજય વાઢેર તેમજ સ્થાનિક લોકો સાથે મળી વૃક્ષા રોપણ કરી પર્યાવરણ પ્રત્યે જાગૃતતા આવે પર્યાવરણ જતનમાં સહભાગી થવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો.

---

# બાગાયતદાર ખેડૂતોએ તૈયાર થયેલ ફળ-ફૂલ અને શાકભાજી સલામત સ્થળે ખસેડી લેવા

### કમોસમી વરસાદ અને વાવાઝોડાની સંભાવનાને ધ્યાનમાં રાખી જરૂરી સૂચના બહાર પડાઈ

જૂનાગઢ, તા.૮

હવામાન ખાતાની આગાહી અનુસાર આગામી દિવસોમાં કમોસમી વરસાદ અને વાવાઝોડાની સંભાવના રહેલી છે. તેના અનુસંધાને જૂનાગઢ જિલ્લાના બાગાયતદાર ખેડૂતોને તૈયાર થયેલ શાકભાજી, ફળ-ફૂલ ઉતારી સલામત સ્થળે ખસેડી લેવા, ઉત્પાદિત અવસ્થાના બાગાયત પાકોનો સુરક્ષિત સ્થળે સંગ્રહ કરવા ઉપરાંત બાગાયત પાકોમાં પિયત ટાળવા, કેળ-પપૈયા જેવા પાકોને ટેકા આપવા, સ્થળની આસપાસ માટી ચડાવવી તેમજ હાલના સમયમાં રાસાયણિક ખાતરો, દવા તેમજ હાર્મોન્સનો છંટકાવ નહીં કરવા માટે નાયબ બાગાયત નિયામક, જૂનાગઢ દ્વારા ખેડૂતો માટે જરૂરી સૂચનાઓ બહાર પાડવામાં આવી છે. જેને ધ્યાને લેવા માટે અનુરોધ કરવામાં આવ્યો છે.

---

# ચોમાસુ સિઝનમાં સંભવિત કુદરતી આપત્તિ સામે પહોંચી વળવા રાજ્ય વહીવટી તંત્ર સજજ : રાહત કમિશ્નર આલોકકુમાર પાંડે

ગાંધીનગર, તા.૮

પોરબંદરથી અંદાજે ૧,૦૬૦કિ.મી. દક્ષિણપશ્ચિમે 'બિપરજોય' વાવાઝોડું કેન્દ્રિત : હવામાન નિયામક મનોરમા મોહંતી ગાંધીનગર ખાતે વેધર વોચ ગ્રુપની પ્રથમ સમીક્ષા બેઠક યોજી હતી.

ચોમાસુ સિઝનમાં સંભવિત કુદરતી આપત્તિ સામે પહોંચી વળવા રાજ્ય વહીવટી તંત્ર સજ્જ છે, તેમ જીઈંઝ, ગાંધીનગર ખાતે વિવિધ વિભાગો અને સુરક્ષા દળો સાથે વેધર વોચ ગ્રુપની પ્રથમ સમીક્ષા બેઠકમાં રાહત કમિશનર આલોકકુમાર પાંડે જણાવ્યું હતું.

રાહત કમિશનર પાંડેએ કહ્યું હતું કે, ઉત્તર ગુજરાત અને કચ્છના જળાશયોમાં સંગ્રહિત પાણીનો જથ્થો છેલ્લા ૧૫ વર્ષોમાં સૌથી વધુ છે. રાજયમાં જળાશયોમાં પૂરતા પ્રમાણમાં પાણીનો જથ્થો ઉપલબ્ધ છે. ગત વર્ષની સરખામણીએ ચાલુ વર્ષો અત્યાર સુધીમાં નોર્મલ વાવેતર વિસ્તારની સામે ૦.૯૯% વાવેતર થયું છે.

જૂન- જુલાઈમાં ગુજરાતમાં સામાન્ય રીતે વધુ વરસાદ પડે છે. આ દરમિયાન વાવાઝોડું અને પૂરની સ્થિતિ પણ ઉદભવતી હોય છે. રાજ્ય અને કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો-એજન્સી સાથે યોગ્ય-તાત્કાલિક સંકલન કરીને રાહત કામગીરી વધુ પ્રભાવી રીતે કરી શકાય તે વધુ આવશ્યક છે. ગુજરાતમાં વરસાદની સ્થિતિમાં રાહત કામગીરી માટે દ્ગડ્ઢઇહ્લની ૧૫ અને જીડ્ઢઇહ્લની ૧૧ ટીમો સ્ટેન્ડ બાય છે, તેમ વધુ વિગતો આપતા તેમણે ઉમેર્યું હતું.

હવામાન વિભાગના નિયામક મનોરમા મોહંતીએ વિગતો આપતા કહ્યું હતું કે, ગુજરાતમાં પોરબંદરમાં અંદાજે ૧,૦૬૦ કિલોમીટરે દક્ષિણ- પશ્ચિમે "બિપરજોય" વાવાઝોડું કેન્દ્રિત છે. તેના પરિણામે આગામી સમયમાં દરિયા કિનારાના જિલ્લાઓમાં અંદાજે ૪૦ થી ૫૦ કિલોમીટરની ઝડપે પવન ફૂંકાવાની સંભાવના છે.

ગુજરાતના માછીમારોને તા.૧૪ જૂન સુધી દરિયો ન ખેડવા, માછીમારી ન કરવા તાકીદ કરવામાં આવી છે. દરિયામાં દૂર સુધી માછીમારી કરી રહેલા માછીમારોને પરત બોલાવી લેવામાં આવ્યા છે. તા.૦૯ થી તા.૧૧ જૂન-૨૦૨૩ સુધી સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં હળવા વરસાદની શકયતા છે તેમ તેમણે ઉમેર્યું હતું.

રાહત કમિશનરના અધ્યક્ષસ્થાને યોજાયેલી બેઠકમાં ઈસરો, ભારતીય વાયુદળ, કોસ્ટગાર્ડ, દ્ગડ્ઢઇહ્લ, જીડ્ઢઇહ્લ, પોલીસ, આરોગ્ય, માર્ગ અને મકાન વિભાગ, શિક્ષણ, વન, પાણી પુરવઠા, મેરીટાઈમ બોર્ડ, કૃષિ, પશુપાલન, ઊર્જા, મસ્ત્યોદ્યોગ, શહેરી વિકાસ, ૈંઝ્રડ્ઢજી, ફૂડ અને ય્જીઈ઼ઝ સહિત વિભાગોએ ચોમાસાની સિઝનની પૂર્વ તૈયારી અંગે પોતાના આયોજન રજૂ કર્યા હતા.

આ પ્રસંગે રાહત નિયામક સી.સી.પટેલ સહિત વિવિધ વિભાગોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

---

# ભેંસાણમાં ભાજપના આગેવાનો દ્વારા જનસંપર્ક અભિયાન હાથ ધરાયું



(રેનિશ મહેતા દ્વારા)
ભેંસાણ, તા.૮

દેશના વડાપ્રધાન તરીકે નરેન્દ્ર મોદીની સરકારના ૯ વર્ષ સફળમ પૂર્ણ થતાં ભારતીય જનતા પાર્ટી દ્વારા જનસંપર્ક અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. જેના ભાગરૂપે જી.પં. ના સદસ્ય અનકભાઈ ભોજક અને અનુભાઈ ગુજરાતી તેમજ તા.પં.ના સદસ્ય ગાડુભાઈ કથીરીયાએ રાણપુરના રાણેશ્વર મહાદેવ મંદિરના મહંત પૂર્વ સાંસદ મહેશગીરી બાપુ સાથે સરકારની સફળ કામગીરી બાબતે ચર્ચા કરી હતી. આ તકે રાણપુર (સોરઠ)ના સરપંચ સુરેશભાઈ સાવલિયા, સરપંચ મનુભાઈ પાધડાળ, માધાભાઈ ઉસદડ સહિત આગેવાનો હાજર રહ્યા હતા.

